RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 260, Dt.21-1-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# છત્તીસગઢ-ઓડિશા બોર્ડર પર ૧૫ નક્સલવાદીઓ ઠાર

## ૧૦૦૦ જવાનોએ ૬૦ નક્સલવાદીઓને ઘેરી લીધા; એન્કાઉન્ટર-સર્ચ ચાલુ: કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેને જવાનોની મોટી સફળતા ગણાવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

છત્તીસગઢના ગારિયાબંદ જિલ્લામાં એક એન્કાઉન્ટરમાં જવાનોએ ૧૫ નક્સલીઓને ઠાર કર્યા છે. જેમાં ૧ કરોડ રૂપિયાના ઈનામવાળો જયરામ ઉર્ફે ચલપતિ પણ માર્યો ગયો છે. તમામ મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. રવિવાર રાતથી મંગળવાર સવાર સુધી ગોળીબાર થઈ રહ્યો છે. કુલહાડી ઘાટ સ્થિત ભાલુ દિગ્ગી જંગલમાં ૧૦૦૦ જવાનોએ ૬૦ નક્સલવાદીઓને ઘેરી લીધા છે. મામલો મૈનપુર પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. રવિવારે રાત્રે એન્કાઉન્ટર શરૂ થયું હતું. મંગળવારે સવારે નક્સલવાદીઓના મોતના મોટા સમાચાર આવ્યા. એન્કાઉન્ટર હજી પૂરું થયું નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેને જવાનોની મોટી સફળતા ગણાવી છે.

છત્તીસગઢ-ઓડિશા બોર્ડર પર ભાલુ દિગ્ગી જંગલમાં ૧૦૦૦ જવાનોએ લગભગ ૬૦ નક્સલવાદીઓને ઘેરી લીધા છે. ડ્રોનથી સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. પહેલા ફોર્સનું સર્કલ ૧૫-૨૦ કિમી હતું, હવે નક્સલવાદીઓ

૩ કિમી સુધી સીમિત થઈ ગયા છે. તમામ ૬૦ નક્સલવાદીઓ માર્યા જાય તેવી શક્યતા છે.

આ એન્કાઉન્ટરમાં કોબ્રા બટાલિયનનો એક જવાન ઘાયલ થયો છે. ઘાયલોને એરલિફ્ટ કરીને રાયપુર લઈ જવામાં આવ્યો છે. આ પહેલા સોમવારે બે નક્સલીઓના મોતની માહિતી સામે આવી હતી. ગારિયાબંધ એસપી નિખિલ રખેચા, ઓડિશાના નુઆપાડા એસપી રાઘવેન્દ્ર ગુંડાલા, ઓડિશાના ડીઆઈજી નકસલ ઓપરેશન અખિલેશ્વર સિંહ અને કોબરા કમાન્ડન્ટ ડીએસ કથૈત તેનું મોનટરિંગ કરી રહ્યા છે.

છત્તીસગઢ અને ઓડિશા દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ ટીમો એકસાથે નીકળી હતી. ઓડિશાની ૩ ટીમો, છત્તીસગઢ પોલીસની ૨ ટીમો અને ઈછ્ઝ્રક્ષ્ની ૫ ટીમો આ ઓપરેશનમાં સામેલ હતી. જવાનો વિસ્તારમાં સર્ચ ઓપરેશન પર હતા ત્યારે નક્સલવાદીઓએ તેમના પર હુમલો કર્યો.



એન્કાઉન્ટરની માહિતી મળતાંની સાથે જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ મૈનપુર પહોંચી ગયા હતા. સુરક્ષાના કારણોસર ભાતીગઢ સ્ટેડિયમને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં વધારાનાં સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યાં હતાં. તેમજ, ૩ ઈઊઉ પણ મળી આવ્યા હતા.જયરામ રેડ્ડી ઉર્ફે રામચંદ્ર રેડ્ડી ઉર્ફે અપ્પારાવ ઉર્ફે રામુ આંધ્રપ્રદેશના ચિત્તૂરના માટેમપલ્લીનો રહેવાસી હતો. તેની ઉંમર લગભગ ૬૦ વર્ષની હતી. તેણે ૧૦મા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. તે સેન્ટ્રલ કમિટી મેમ્બર કેડરનો હતો.

ચલપતિ બસ્તરના અબુઝહમદ વિસ્તારમાં પણ એક્ટિવ હતો. તે અઊં-૪૭, જકછ જેવી રાઈફલો રાખતો હતો. તેની સુરક્ષા માટે ૮ થી ૧૦ જેટલા ગાર્ડ હતા. સૂત્રોનું માનીએ તો અબુઝહમદમાં સતત એન્કાઉન્ટર પછી, તે થોડા મહિના પહેલા તેનું સ્થાન બદલીને ગારિયાબંદ-ઓડિસા સરહદ પર ગયો. તે નકસલ સંગઠનમાં ફ્રન્ટલાઈન લીડર હતો.

૧૬ જાન્યુઆરીએ છત્તીસગઢ-તેલંગાણા બોર્ડર પર એન્કાઉન્ટર થયું હતું. જેમાં ૧૮ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. આ પૈકી એસસીએમ (સેન્ટ્રલ કમિટી મેમ્બર) દામોદરનું પણ મોત થયું હતું. દામોદર પર ૫૦ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ફોર્સે ૧૨ નક્સલવાદીઓના મૃતદેહ મેળવ્યા છે, જેમાંથી ૧૦ની ઓળખ કરી લેવામાં આવી છે.

# ભાજપે દિલ્હી ચૂંટણી માટે સંકલ્પ પત્ર ૨ જારી કર્યું

## કે.જી.થી પી.જી. સુધી મફત શિક્ષણ, યુવાનોને ૧૫ હજાર રૂપિયા મળશે: સંકલ્પ પત્ર-૨માં ભાજપના વાયદા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભાજપે દિલ્હી ચૂંટણી માટે સંકલ્પ પત્ર ૨ જારી કર્યું છે. ચૂંટણી ઢંઢેરાના આ ભાગમાં ભાજપે વિદ્યાર્થીઓ, યુવાનો, દલિતો અને ઓટો ટેક્સી ડ્રાઈવરો માટે મહત્ત્વની જાહેરાત કરી છે. ભાજપના સંકલ્પ પત્ર ૨માં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં કે.જી.થી પી.જી. સુધીનું શિક્ષણ મફત આપવામાં આવશે. આ ઉપરાંત યુવાનોને ₹૧૫,૦૦૦ની આર્થિક સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે બે ગણી મુસાફરી અને અરજી ફી આપવામાં આવશે. અમે દિલ્હીના યુવાનોને રાજ્યની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે રૂ. ૧૫ હજારની આર્થિક સહાય આપીશું જેથી કરીને અમારા યુવાનો ઉત્તમ પરિણામ આપી શકે. અમે દિલ્હીમાં ટેકનિકલ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ સ્કીમ લાવશું. આ શિષ્યવૃત્તિ યોજના ભીમરાવ આંબેડકરના નામે શરૂ કરવામાં આવશે. આ અંતર્ગત, અમે ઈઝઈ અને સ્કિલ સેન્ટર પોલિટેકનિક વગેરેમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માસિક રૂ. ૧,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપીશું. અમે ઓટો અને ટેક્સી ડ્રાઈવરો માટે ઓટો-ટેક્સી કલ્યાણ બોર્ડની રચના કરીશું. જે અંતર્ગત રૂ. ૧૦ લાખ સુધીનો જીવન આધાર વીમો અને રૂ. ૫ લાખ સુધીનો અકસ્માત વીમો આપશે. ઉચ્ચ શિક્ષણ મેળવનારા ટેક્સી ડ્રાઈવરો અને ઓટો ડ્રાઈવરોના બાળકોને પણ સ્કોલરશિપ આપવામાં આવશે. દિલ્હીમાં ભાજપની સરકાર આવ્યા બાદ ૪ લાખ સ્ટ્રીટ વેન્ડર્સને ડ્ઢખ સ્વાનિધિ યોજનાનો લાભ મળશેદિલ્હીમાં પણ રિસ્કિલિંગ અને અપસ્કિલિંગને પ્રોત્સાહન આપવાનું કામ ભાજપ સરકાર કરશે. ભાજપે દિલ્હીમાં મહિલાઓ માટે પમહિલા સમૃદ્ધિ યોજનાથ હેઠળ ૨,૫૦૦ રૂપિયાની માસિક સહાયની જાહેરાત કરી છે. ભાજપ દિલ્હીના ગરીબ વર્ગની મહિલાઓને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર આપશે. તેમજ





હોળી અને દિવાળી પર એક-એક સિલિન્ડર મફત આપવામાં આવશે. જો ભાજપ સત્તામાં આવશે તો પહેલી કેબિનેટ બેઠકમાં દિલ્હીમાં પઆયુષ્માન ભારતથ લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત કેન્દ્ર સરકાર ૫ લાખ રૂપિયાનું વધારાનું હેલ્થ કવર પણ આપશે. તેમજ રાજ્ય સરકાર વધારાના રૂ. ૫ લાખનું હેલ્થ કવર આપશે.

વરિષ્ઠ નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધી મફત સારવાર આપવામાં આવશે, તેમજ મફત ઘડ્ઉ તબીબી અને નિદાન સેવાઓ પણ આપવામાં આવશે. વરિષ્ઠ નાગરિકોનું પેન્શન દર મહિને રૂ. ૨૦૦૦થી વધારીને રૂ. ૨૫૦૦ અને ૭૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ, નિરાધાર અને ત્યજી દેવાયેલી સ્ત્રીઓનું પેન્શન રૂ. ૨૫૦૦થી વધારીને રૂ. ૩૦૦૦ પ્રતિ માસ કરવામાં આવશે. જે. જે. ક્લસ્ટરોમાં અટલ કેન્ટીનની સ્થાપના કરીને, માત્ર રૂ. ૫માં પૌષ્ટિક ખોરાકની સુવિધા આપવામાં આવશે.

# ૨૫ થી ૨૯મી જાન્યુઆરી દરમિયાન આકાશમાં ગ્રહોની પરેડ જોવા મળશે

**મુખ્ય સમાચાર,વારાણસી**

આગામી ચાર દિવસ પછી એટલે કે ૨૫થી૨૯મી જાન્યુઆરી દરમિયાન આકાશમાં ગ્રહોની પરેડ જોવા મળશે. એટલે કે સૂર્યાસ્ત બાદ આકાશમાં શુક્ર, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન ગ્રહ એક સાથે જોવા મળશે.દેશભરના અંતરિક્ષ વિજ્ઞાનના સંશોધકો અને વૈજ્ઞાનિકો માટે અભ્યાસની આ સુવર્ણ તક છે. ૨૫મી જાન્યુઆરીએ રાત્રે લાર્જ પ્લેનેટરી એલાઈન્મેન્ટ એટલે કે મોટી ગ્રહપંક્તિ બનશે. તેમાં ૬ ગ્રહો એક દિશામાં એક સાથે નજરે પડશે. ખગોળ વિજ્ઞાનમાં આવી ઘટના ઘણી ઓછી બને છે. જેમાં શુક્ર, ગુરુ, શનિ અને મંગળને



નરી આંખે જોઈ શકાય, જ્યારે યુરેનસ અને નેપચ્યુનને ટેલિસ્કોપની મદદથી જોઈ શકાય છે. સૂર્યાસ્ત બાદ આ બધા ગ્રહ જોવા મળશે. ત્યારબાદ ૨૯મી જાન્યુઆરીની રાત્રે પણ આકાશમાં એક અદ્‌ભૂત આકૃતિ ઉભરશે. આકાશ ગંગાના ૬ સૌથી મોટા ચમકદાર તારા નવિન્ટર હેક્સોગનથ (ષટકોણ) બનાવશે. મોટેભાગે ધ્રુવો કે ઠંડા પહાડો પર ચોખા આકાશમાં દેખાવાને કારણે તેને વિન્ટર હેક્સોગન નામ આપવામાં આવ્યું છે પણ હવે તે મેદાની ક્ષેત્રોમાં પણ સ્પષ્ટ દેખાનાર છે. અલબત, આકાશ સાફ હોવું જોઈએ. બનારસના યુવા ખગોળ વૈજ્ઞાનિક વેદાંત પાંડેએ જણાવ્યું છે કે ૨૯મી જાન્યુઆરીએ અમાસની રાત્રે અંધારામાં આકાશમાં આ રાત્રે અનેક નિહારિકા (નેબ્યુલા), આકાશ ગંગાઓ અને તારાનો સમૂહ પણ સ્પષ્ટ નજરે પડશે.

# શપથવિધિ સમારોહમાં એસ.જયશંકરને પ્રથમ હરોળમાં સ્થાન

## ટ્રમ્પ શાસનમાં ભારતને પૂરતું મહત્વનો સંકેત: વડાપ્રધાન મોદીનો પત્ર પણ નવનિર્વાચીત પ્રમુખને સુપ્રત કર્યો

**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ મુદે વિવાદ વચ્ચે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર વિદેશમંત્રી એસ.જયશંકરને શપથવિધિ સમારોહમાં પ્રથમ હરોળમાં સ્થાન અપાયું હતું. શ્રી જયશંકરે પ્રમુખ ટ્રમ્પને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક પત્ર પણ સુપ્રત કર્યા હતા. કેપીટલ રોટુંન્ડા તરીકે ઓળખાતા કેપીટલ હીલના આ અસ્વસ્થ ખંડમાં શ્રી એસ.જયશંકરને પ્રથમ હરોળમાં સ્થાન એ અમેરિકામાં ટ્રમ્પ શાસન ભારતને પૂરતુ મહત્વ આપે છે.

શ્રી જયશંકર ઈકવાડોરના પ્રેસીડેન્ટ ડેનીયલ તોબોવા સાથે



બેઠા હતા તેમની બે લાઈન પાછળ જાપાનના વિદેશમંત્રી ટાકેથી ઈવાયા અને ઓસ્ટ્રેલિયન વિદેશમંત્રી પેની વોંગ બેઠા હતા. શ્રી જયશંકર આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક પત્ર લઈ ગયા હતા જે ટ્રમ્પને સુપ્રત કર્યા હતો.

# પૂર્વ IAS અધિકારી પ્રદિપ શર્માને પાંચ વર્ષની સજા

## ભૂજમાં સરકારી જમીન ખાનગી કંપનીને પધરાવી દેવાનો કેસ હતો: ઓછી સજા થાય તો ખોટો મેસેજ જશે-દલીલ માન્ય

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પૂર્વ IAS અધિકારી પ્રદીપ શર્માને ભુજમાં સરકારી જમીનને એક ખાનગી કંપનીને આપી પોતે અને પોતાના પરિવારને આર્થિક લાભ કરાવવા મામલે વિશેષ અદાલતે દોષી ઠેરવી આકરી સજા ફટકારી છે. કોર્ટે ACBની કલમ ૧૩(૨) હેઠળ ૫ વર્ષની જેલની સજા કરી છે. તેની સાથે ૫૦ હજારનો દંડ પણ ફટકાર્યો છે. ઉપરાંત, ACB ની કલમ ૧૧ મુજબ, ૩ વર્ષની સજા અને રૂ. ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે.

મળતી માહિતી પ્રમાણે, ભુજમાં સરકારી જમીનને એક ખાનગી કંપનીને આપી, અંગત લાભ મેળવવા મામલે પૂર્વ IAS પ્રદીપ શર્માને વિશેષ કોર્ટે દોષિત ઠેરવ્યા છે. જોકે, અન્ય ૨ કેસમાં પ્રદીપ શર્મા નિર્દોષ સાબિત થયા છે. સરકારી અધિકારી તરીકે સત્તાના દુરુપયોગ મામલે કોર્ટે દોષિત જાહેર કર્યા છે. પ્રદીપ શર્માને ACBની કલમ ૧૧ તથા ૧૩/૨ હેઠળ દોષિત ઠરાવ્યા છે. જણાવી દઈએ કે, અગાઉ કોર્ટે જમીન સહિતની કાર્યવાહીમાં ચુકાદા પર સ્ટેની અરજી ફગાવી હતી. સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડિંગ હોવાથી ચુકાદો મોકૂફ રાખવા અરજી કરાઈ હતી.

સજા સંભળાવ્યા પહેલા પ્રદીપ શર્માના વકીલે કોર્ટમાં રજૂઆત કરતા કહ્યું હતું કે, ACB ની કલમ ૧૧ તથા ૧૩/૨ હેઠળ દોષિત ઠરાવ્યા આ કેસમાં જૂના નિયમો મુજબ સજા આપવામાં આવે. લાંબા સમયથી પ્રદીપ શર્મા જેલમાં છે, માટે તેને પણ ધ્યાનમાં લેવામાં આવે. પ્રદીપ શર્માની ૭૦ વર્ષની ઉંમર છે અને સિનિયર સિટિઝન છે તેને પણ ધ્યાનમાં લેવામાં આવે.

બીજી તરફ, સરકારી વકીલે દલીલ કરતા કહ્યું કે, નવા કાયદામાં સંબંધિત કેસમાં ૧૦ વર્ષ સુધી મહત્તમ અને ઓછામાં ઓછી ૪ વર્ષ સજાની જોગવાઈ છે. જ્યારે, જૂના કાયદામાં ઓછામાં ઓછા ૧ વર્ષ અને વધુમાં વધુ ૭ વર્ષ સજાની જોગવાઈ છે. નિલંબિત IAS એ જિલ્લાના અધિકારી તરીકે ગુનો આચર્યો હતો. સરકારી વકીલે વધુમાં કહ્યું કે, કોર્ટે માન્યું છે કે પ્રદીપ શર્માએ ગુનો કર્યો



છે. એક ઈઅજ અધિકારી તરીકે પુરવાર થયેલા ગુનામાં ઓછામાં ઓછી સજા ન કરી શકાય. જો IAS અધિકારી તરીકે કરેલા કારનામાને ઓછી સજા કરવામાં આવે તો સોસાયટીમાં ખોટો મેસેજ જશે. IAS અધિકારી હતા એટલે ઓછી સજા થઈ એવું લોકો ન કહેવા જોઈએ. નવા કાયદામાં જોગવાઈ એટલા માટે જ વધારવામાં આવી છે કે ભ્રષ્ટાચારી સામે વધુમાં વધુ સજા થવી જોઈએ. પ્રદીપ શર્માએ કરેલો ગુનો એ દેશ વિરોધી છે. પ્રદીપ શર્માને ન માત્ર સજા પરંતુ દંડ પણ કરવા સરકારે કોર્ટમાં રજૂઆત કરી હતી.

# અમેરીકા સાથે વ્યાપાર સંતુલનમાં મદદ મળી રહે તે માટે ભારતે પ્રયત્ન શરૂ કર્યા

## સંભવિત ટ્રેડવોર રોકવા તથા ચીન સામે અમેરિકાનાં આકરા વલણનો લાભ મેળવવા કેન્દ્ર સરકારે તૈયારી હાથ ધરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકામાં ટ્રમ્પ સતારૂઢ થતાની સાથે જ ટ્રેડવોરના સંકેતો ઉઠવા લાગ્યા છે. ટ્રમ્પે આવતાવેંત કેનેડા તથા મેકસીકો પર ૨૫ ટકા ટેરીફ લાદવાની જાહેરાત કરી હતી. જયારે અમેરીકા સાથે બીજા નંબરે સૌથી વધુ વેપાર ધરાવતાં ભારતે પણ સંભવીત પરિસ્થિતિ વિશે વિચારણા શરૂ કરી દીધી છે.

ચીન પછી અમેરીકા ભારતનું સૌથી મોટુ ટ્રેડ પાર્ટનર છે.ટ્રમ્પ દ્વારા આવતાવેંત નીતી વિષયક ફેરફારો શરૂ કરવામાં આવ્યા છે. ભારત સરકાર દ્વારા આયાત થતી ચીજોની સમીક્ષા શરૂ કરી છે. અન્ય દેશોમાંથી આયાત થતી કેટલીક ચીજોની અમેરીકાથી આયાત શરૂ કરવાનો ઈરાદો છે જેથી અમેરીકા સાથે વ્યાપાર સંતુલનમાં મદદ મળી શકશે ટ્રમ્પ દ્વારા ભારતમાં ઉંચી જકાત સામે અગાઉ જ નારાજગી દર્શાવવામાં આવી હતી ઉંચા આયાત જકાત અમેરીકાની ભારતમાં નિકાસ વધારવામાં અવરોધક છે. ટ્રમ્પે તો ભારતને ટેરીફ કીંગ ગણાવીને આકરો ટોણો પણ માર્યો હતો.

કેન્દ્ર સરકારના સુત્રોએ એવો સંકેત આપ્યો હતો કે ટેરીફ સંબંધી અમેરીકી ચિંતા દુર કરવાનાં પ્રવાસના ભાગરૂપે આયાત જકાત સંબંધી નીતીની સમીક્ષા શરૂ કરવામાં આવી છે. સાથોસાથ કેટલીક ચીજોની આયાતના સ્ત્રોત બદલવાના પ્રયાસ કરવામાં આવશે. એમ માનવામાં આવે છે કે અમેરીકાનું વલણ ભારત



પ્રત્યે ચીન જેટલુ આકરૂ નહી હોય ભારત સાથે વાતચીત કરવામાં અમેરીકાનું મન ખુલ્લુ હશે અને વાટાઘાટોથી જ બન્ને દેશો એકબીજાનાં લાભમાં નિર્ણયો લેશે. ટ્રમ્પના સંભવીત ભારત પ્રયાસ પૂર્વે જ કેટલાંક પેચીદા મુદાઓનો ઉકેલ આવી શકે છે. ભારતે અમેરીકા સાથે સંરક્ષણ ઉપકરણો ઉપરાંત વિમાનોની સાથોસાથ ફ્રુડની આયાત પણ વધારી છે.ભારતનુ અમેરીકા સાથે ટ્રેડ સરપ્લસ છે.ભારતનું સૌથી મોટૂ ટ્રેડ પાર્ટનર ચીન છે. અમેરિકાનો બીજો ક્રમ છે. એપ્રિલથી ઓકટોબર દરમ્યાન અમેરીકા સાથે ભારતનું ટ્રેડ સરપ્લસ અબજ ડોલર રહેવાનું અનુમાન છે. ગત નાણા વર્ષમાં ભારતે ૭૭.૫ અબજ ડોલરની નિકાસ કરી હતી અને ૩૫ અબજ ડોલરની ટ્રેડ સરપ્લસ હતી.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં સ્ટ્રેટેજિક બેલિસ્ટિક મિસાઈલ પ્રલય અને લોંગ રેન્જ પિનાકા રોકેટ સિસ્ટમ પ્રદર્શિત કરવામાં આવશે

## સરફેસ ટુ સરફેસ એટેક કરનાર પ્રલય મિસાઈલ ચીન સરહદ પર તૈનાત : લાંબા અંતરની પિનાકા રોકેટ સિસ્ટમ ૭૫ કિ.મી. સુધી કારગર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશની રાજધાનીમાં ગણતંત્ર દિવસની પરેડની તૈયારીઓ ચાલી રહી છે. આ વખતે પ્રજાસત્તાક દિવસની પરેડમાં સ્ટ્રેટેજિક બેલિસ્ટિક મિસાઈલ પ્રલય અને લોંગ રેન્જ પિનાકા રોકેટ સિસ્ટમ પ્રદર્શિત કરવામાં આવશે. તે સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રથમ વખત હશે જ્યારે સપાટીથી સપાટી પર પ્રલય મિસાઈલને પરેડમાં સામેલ કરવામાં આવશે.

૫૦૦ કિમીની રેન્જ ધરાવતી પ્રલય મિસાઈલ દુશ્મન લક્ષ્યો પર હુમલા માટે છે. આ મિસાઈલને ચીનની સરહદ પર તૈનાત કરવામાં આવી છે. પિનાકા મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર એક સ્વદેશી રોકેટ સિસ્ટમ છે. તેની ઘણી સિસ્ટમ સેના સાથે કામ કરી રહી છે. આર્મેનિયા સાથે નિકાસ ઓર્ડર પહેલેથી જ પૂર્ણ થઈ ગયો છે. રોકેટની રેન્જને ૭૫ કિલોમીટર અને પછી ૧૫૦ કિલોમીટર સુધી વધારવાના પ્રયાસો ચાલું છે. આ વર્ષની ઈવેન્ટના મુખ્ય અતિથિ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયનોના માનમાં ઈન્ડોનેશિયન સૈનિકોની કૂચ કરતી ટુકડી પણ પરેડમાં સામેલ થશે. સંરક્ષણ સચિવ આર.કે.સિંહે જણાવ્યું હતું કે તેમાં ૧૬૦ સભ્યોની ઈન્ડોનેશિયાની સૈન્ય ટુકડી અને ૧૯૦ સભ્યોની બેન્ડ ટુકડી સામેલ હશે.પરેડમાં વિવિધ રાજ્યો, મંત્રાલયો અને સુરક્ષા દળોની



૧૮ માર્ચિંગ ટુકડીઓ, ૧૫ બેન્ડ અને ૩૧ ઝાંખીઓ સામેલ થશે. જેમાં બિહાર, ગોવા, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ અને પંજાબ સહિત અનેક રાજ્યોમાંથી ઝાંખીઓ રજૂ કરવામાં આવશે. આ વર્ષે પરેડ જોવા માટે કુલ ૭૭૦૦૦ લોકો હાજર રહેશે. તેમાં સરકાર દ્વારા પસંદ કરાયેલાં ૧૦૦૦૦ વિશેષ આમંત્રિતોનો પણ સમાવેશ થશે.

# જામનગરમાં તા.૨૫-૨૬ જાન્યુઆરી દરમિયાન સૂર્યકિરણ એરોબેટિક ટીમનો અદભૂત એર શો યોજાશે

**મુખ્ય સમાચાર,જામનગર**

સમૃદ્ધ વારસો, વાઈબ્રન્ટ બાંધણી અને ભારતના ઓઈલ રિફાઈનરી હબ તરીકે જાણીતું ગુજરાતનું રત્ન એવું જામનગર આકાશમાં આકર્ષક ભવ્યતાનું સાક્ષી બનવા માટે તૈયાર છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિતે જામનગરમાં આગામી તા.૨૫ અને તા.૨૬મી જાન્યુઆરી બે દિવસ દરમિયાન બપોરે ૨:૧૫ કલાકથી ઈન્ડીયન એરફોર્સની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટીક ટીમ દ્વારા એર શો નું ભવ્ય પ્રદર્શન ખંભાળીયા હાઈવે, સ્વામીનારાયણ મંદિરથી આગળના ગ્રાઉન્ડમાં યોજવામાં આવશે. જે દર્શકોને આશ્ચર્યમાં મૂકી દેશે. સૂર્યકિરણ એરોબેટિક ટીમ, નભ્રભારતીય વાયુસેનાના રાજદૂતસ્ભ્ર તરીકે તેમજ તેની ચોકસાઈ, કૌશલ્ય અને ટીમ વર્ક માટે જાણીતી છે. આ ચુનંદા ટીમ, સ્ટ્રાઈકિંગ રેડ એન્ડ વ્હાઈટ હોક ખસ-૧૩૨ જેટ ઉડાડશે. આ એર શો દરમિયાન આ સાહસિકો લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફ્લાઈંગ જેવા શ્વાસ થંભાવી દેનારા એરોબેટિક દાવપેચનું પ્રદર્શન કરશે જેથી દર્શકો માટે તે યાદગાર બની રહેશે. તેઓ લોકપ્રિય ઉગઅ દાવપેચ પણ રજૂ કરશે જેમાં વિમાનો સાથે મળીને આકાશમાં ઉગઅના માળખા જેવા હેલિક્સની રચના બનાવશે.

૧૯૯૬માં જઊંઅઝ ટીમની સ્થાપના કરવામાં આવી હતી. આ ટીમ એશિયામાં એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ હોવાનું પ્રતિષ્ઠિત બિરૂદ ધરાવે છે અને તે વિશ્વની અમુક શ્રેષ્ઠ ટીમોમાંથી એક ગણવામાં આવે છે. આ ટીમે ભારતમાં ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને ઞઅઊ જેવા દેશોમાં ૭૦૦ કરતાં વધુ પ્રદર્શનો કર્યા છે.સૂર્યકિરણ ટીમમાં ૯ હોક ખસ૧૩૨ વિમાનો સામેલ કરવામાં આવ્યા છે, જે ભારતમાં ઉત્પાદિત અને લાઈસન્સ પ્રાપ્ત છે અને ૫ મીટર કરતાં ઓછા અંતરે ખૂબ જ નજીકથી ઉડાન ભરી શકે છે. ટીમમાં ૧૪ પાયલોટ છે. ટીમ લીડર જી-૩૦ ખઊંઈ પાયલોટ ગ્રુપ કેપ્ટન અજય દાશરથી છે. ડેપ્યુટી લીડર ગ્રુપ કેપ્ટન સિદ્ધેશ કાર્તિક છે.

અન્ય પાઈલટોમાં સ્ક્વોડ્રન લીડરો જેમાં જસદીપ સિંહ, હિમખુશ ચંદેલ, અંકિત વશિષ્ઠ, વિષ્ણુ, દિવાકર શર્મા, ગૌરવ પટેલ, એડવર્ડ પ્રિન્સ, કોમન ડબલ્યુ રાજેશ, લીડર ડબલ્યુ રાજેશ, કમાન્ડર અર્જુન પટેલ, વિંગ કમાન્ડર કુલદીપ હુડ્ડા અને વિંગ કમાન્ડર એલન જ્યોર્જનો સમાવેશ થાય છે.તેમની ટેકનિકલ ટીમનું નેતૃત્વ વિંગ કમાન્ડર



અભિમન્યુ ત્યાગી, સ્ક્વોડ્રન લીડર સંદીપ ધાયલ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ મનીલ શર્મા કરી રહ્યા છે.

ટીમના કોમેન્ટેટર અને એડમિનિસ્ટ્રેટર ફ્લાઈટ લેફ્ટનન્ટ કંવલ સંધુ છે અને ટીમના ડોક્ટર સ્ક્વોડ્રન લીડર સુદર્શન છે. બધા સભ્યો ટીમના સૂત્ર સદૈવ સર્વોત્તમ એટલે કે હંમેશા શ્રેષ્ઠ! જઊંઅઝ શ્રેષ્ઠતાની ભાવનાને સાર્થક બનાવે છે. આ પાઈલોટ્સ જટિલ એરોબેટિક દાવપેચમાં નિપુણતા મેળવવા માટે સઘન તાલીમમાંથી પસાર થાય છે અને તેમની કુશળતા અને સંકલન સાથે ઉડ્ડયનનો પાયો બનાવે છે.

તાજેતરમાં, સૂર્યકિરણ ટીમના હોક એમકે ૧૩૨ એરક્રાફ્ટમાં રંગીન ધુમાડો ઉત્પન્ન કરવામાં સક્ષમ સ્મોક પોડ્સનું ઈન્ટીગ્રેશન કરવામાં આવ્યું છે.

# ટંકારામાં વેપારી યુવક સાથે હનીટ્રેપ કરનાર મહિલા સહિત ચાર આરોપીને ઝડપી લેવાયા

**મુખ્ય સમાચાર,મોરબી**



ટંકારા તાલુકાના હરીપર(ભુ)ગામના એક કારખાનેદાર યુવકને હનીટ્રેપમાં ફસાવી બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી આપીને રૂ. ૫ લાખ પડાવનારી ટોળકીના મહિલા સહિતના ચાર આરોપીઓને ટંકારા પોલીસ ટીમે ઝડપી પાડ્યા છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓની શોધખોળ ચાલુ છે.

ટંકારાના હરીપર ગામના કારખાનેદાર અજીતભાઈ મુળજીભાઈ ભાગીયાને અજાણ્યા નંબર પરથી મળેલા કોલથી શરૂ થયેલી આ ઘટના હનીટ્રેપમાં ફેરવાઈ હતી. જેમાં મહિલા દેવુબેન ઉર્ફે પુજાએ વારંવાર ફોન કરી મીઠી મીઠી વાતો કરી સંબંધ વિકસાવ્યા બાદ, તા.૧૭ જાન્યુઆરીના રોજ અજિતભાઈ પોતાના મિત્ર જયદીપભાઈ ચૌધરી સાથે પુજાને મળવા ગયાં હતા. ત્યારે રાજકોટ હોસ્પિટલના કામને બહાને રાજકોટમાં અલગ અલગ સ્થળોએ ફરીને પરત આવતા હોય તે દરમિયાન છતર ગામ નજીક સ્વીફ્ટ કારમાં આવેલા આરોપી સંજય પટેલ, હાર્દિક મકવાણા, રૂત્વીક રાઠોડ અને અન્ય બે વ્યક્તિઓએ આ બંનેનું અપહરણ કરીને મારમારી, બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી આપી રૂ. ૫ લાખ પડાવ્યા હતા, જે મુજબની ભોગ બનનાર અજિતભાઈ દ્વારા ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હનીટ્રેપ કરનાર ટોળકીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. ઉપરોક્ત ફરિયાદના આધારે ટંકારા પોલીસ મથકમાં આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો, જેની તપાસ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે ટંકારા ઓવરબ્રિજ પાસે વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત હનીટ્રેપ ટોળકીની સ્વીફ્ટ કાર અટકાવી ગેંગના મહિલા સહિતના ચાર આરોપીઓ સંજયભાઈ ડારા, હાર્દિક મકવાણા, દેવુબેન ઉર્ફે પુજા અને રમેશભાઈ જાદવને રૂપિયા ૫ લાખ અને ગુનો કરવા ઉપયોગમાં લીધેલ સ્વીફ્ટ કાર સાથે પકડી પાડવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે કુલ રૂ. ૮.૨૫ લાખનો લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. હાલ આ કેસમાં આરોપી રૂત્વીક રાઠોડ અને રણછોડભાઈ કરોતરાને પકડવા પર બાકી હોય તે બંને આરોપીઓને પકડવા પોલીસે તપાસની ગતિવિધિ તેજ કરી છે.

# મોરબી જીલ્લા કક્ષાના શાળા સલામતી સપ્તાહની માધાપરવાળી શાળામાં ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી કલેક્ટર અને જીલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા જીલ્લા કક્ષાના શાળા સલામતી સપ્તાહની ઉજવણી પીએમશ્રી માધાપરવાળી શાળામાં કરવામાં આવી હતી. જ્યાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિવિધ આપદા સમયે કેવી રીતે બચાવ કાર્ય કરી શકાય તેમજ ૧૦૮, ફાયર ફાઈટર જેવા આપદા-મિત્ર દ્વારા મૌખિક અને પ્રેક્ટીકલ સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મોરબી જીલ્લા કક્ષાની શાળા સલામતી ઉજવણીની શરૂઆતમાં રાજ્યકક્ષાએથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આપત્તિ વ્યવસ્થાપન વિશે ઓનલાઈન સંબોધન કર્યું હતું ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના પ્રતિનિધિ આસિસ્ટન્ટ ડીસ્ટ્રીક પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર પ્રવિણભાઈ ભોરણીયા ડિઝાસ્ટર મેંનેજમેન્ટ શાખામાંથી ધાર્મિક પુરોહિત, ૧૦૮ માંથી દિનેશભાઈ જલુ, ઈ.એમ.ટી.દિપીકાબેન પરમાર, પાયલોટ નિલેશભાઈ બકુત્રા, ફાયર ટીમના કર્મયોગી મહેન્દ્રભાઈ ગોહીલ, સંજયભાઈ કામળીયા, નિલેશભાઈ કુંવરિયા વગેરેનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ ફાયર ઓફિસર દ્વારા આગ કેવી રીતે લાગે છે? આગ લાગે ત્યારે આગ ઓલવવા શું કરવું જોઈએ? પાણીમાં કેવી રીતે બચાવ કાર્ય કરવામાં આવે છે? એની વિસ્તૃત સમજ આપી હતી. લાઈફ જેકેટ, લોખંડની બિલાડી, પાણીમાં તરવા માટેનું લાઈફ વિલ બાબતે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સાથે ૧૦૮ ના ડોકટરે જણાવ્યું હતું કે ૧૦૮નો કોલ વધીને ત્રણ સેકન્ડમાં લાગી જાય છે અને ઈમરજન્સીમાં અકસ્માત સ્થળે પહોંચીને પેશન્ટનું રેસ્ક્યુ કરી પ્રાથમિક



સારવાર આપી નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે છે. ત્યારબાદ આપદા મિત્રે પોતાની કામગીરી વિસ્તૃત રીતે સમજાવી હતી, મૌખિક સમજ બાદ પ્રેકટિકલ સમજ માટે આગ ચાલુ કરી ફાયર એસ્ટીગ્યુંસરના ઉપયોગથી કેવી રીતે આગ ઓલવી શકાય એનું પ્રેક્ટિકલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હાથે કરાવ્યું હતું. ૧૦૮ ની ટીમે પોતાના મેડિકલના સાધનો બાળકોને બતાવી ઉપયોગીતાની સમજ આપી હતી તથા ફાયર ફાઈટર વાહનમાં આવેલ તમામ સુવિધાઓની સમજ આપી હતી, લાઈવ બંબાનું સંચાલન સમજાવી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થાપન શાળાના આચાર્ય તુષાર બોપલીયા, દિનેશભાઈ વડસોલા અને એસ.એમ.સી. અધ્યક્ષ કાળુભાઈ પરમારે સભાળ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા બંને શાળાના શિક્ષકોએ ખુબજ જહેમત ઉઠાવી હતી.

# મોરબીમાં નાગરિકોને જનકલ્યાણકારી સુવિધાઓ આપવા જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા માંગ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી માંગ કરાઈ છે કે જે રીતે દિલ્લીમાં આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા અપાઈ રહેલી જનકલ્યાણકારી સુવિધાઓ ગુજરાતના નાગરીકોને પણ આપવામાં આવે, જેમાં મહિલાઓને દર મહિને રૂપિયા ૨,૧૦૦/-, વિનામૂલ્યે શિક્ષણ-સ્વાસ્થ્ય સુવિધા, વડીલોને તીર્થ-યાત્રા, વિનામૂલ્યે બસ-મુસાફરી જેવી જરૂરી સુવિધા ગુજરાતના નાગરિકોને પણ આપવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા આમ આદમી પાર્ટી ટીમ દ્વારા આવેદન આપી માંગ કરાઈ છે.

મોરબી જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટરને આલવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું એકચક્રી શાસન ચાલે છે. પંચાયતથી લઈને વિધાનસભાઓ સુધી ભાજપ રાજ કરે છે. આટલા લાંબા સમય દરમિયાન કોઈ પાર્ટી શાસનમાં રહે તો એ રાજ્યની મોટાભાગની સમસ્યાઓનું નિરાકરણ થઈ જવું જોઈએ પણ આમ છતાંય ગુજરાતમાં મોંઘવારી અને બેરોજગારીનો દર ઉંચો છે, નાગરિક સુરક્ષાની સ્થિતિ કથળતી જાય છે, શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી પાયાની સુવિધાઓ માટે નાગરિકોએ દેવાદાર થવું પડે છે, ખેડૂતો ખેતી છોડવા માટે મજબુર થઈ રહ્યા છે. દલિતો અને આદિવાસીઓ ઉપરના અત્યાચારો વધી રહ્યા છે.

જ્યારે આમ આદમી પાર્ટી બહુ નાની પાર્ટી છે પણ એમ છતાંય દિલ્લીમાં છેલ્લા દસ વર્ષમાં અનેક ક્રાંતિકારી કાર્યો કર્યા છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, જાહેર પરિવહન, વિજળી, પાણી, વગેરે જેવી પાયાની જરૂરીયાતો વિનામૂલ્યે આપ્યા બાદ પણ બજેટ ફાયદામાં રહે છે. પાયાની સુવિધાઓ સિવાય અન્ય અનેક સુવિધાઓ દિલ્લીના નાગરિકોને આપવામાં આવી રહી છે. હવેથી તો દરેક મહિલાને દર મહીને ૨,૧૦૦ રૂપિયા પણ આપવામાં આવશે. અલગ અલગ રાજ્યોમાં




ચૂંટણી લડતી વખતે ભાજપ પણ એવા વચનો આપે છે કે ભાજપ પણ મફત ગેસનો બાટલો, મહિલાઓને ૨,૫૦૦ રૂપિયા, વગેરે જેવી સુવિધાઓ આપશે, ત્યારે ગુજરાતના લોકોને એ સવાલ થઈ રહ્યો છે કે જે ગુજરાતે ભાજપને આટલી સફળતા અપાવી એ જ ગુજરાત આજે આ બધી સુવિધાઓથી વંચિત શા માટે છે ? આથી ગુજરાતના તમામ નાગરિકો વતી માંગણી છે કે ગુજરાતની મહિલાઓને પણ દિલ્લીની જેમ દર મહિને ૨,૧૦૦/- રૂપિયા આપવામાં આવે, શિક્ષણ-સ્વાસ્થ્ય સુવિધાઓ મફતમાં આપવામાં આવે, બસ મુસાફરી વિનામૂલ્યે કરાવવામાં આવે, વડીલોને તીર્થયાત્રા કરાવવામાં આવે તેમજ એ તમામ જરૂરી સુવિધાઓ આપવામાં આવે જે આપવાનું વચન ભાજપ અન્ય રાજ્યોમાં આપે છે અને જે સુવિધાઓ દિલ્લીમાં આમ આદમી પાર્ટીની સરકાર દિલ્લીના નાગરિકોને આપી રહી છે. આ તમામ સુવિધાઓ ગુજરાત વાસીઓને મળે એ બાબતે મોરબી જીલ્લા આમ આદમી પાર્ટીની ટીમ દ્વારા મોરબી જીલ્લા કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

# મોરબીના ઉદ્યોગકારોની માળખાકીય સુવિધા માટે રોડ બનાવવા વધુ રૂ.૧૨૦૦ કરોડ મંજુર

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાની રજૂઆતને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ માટે રોડ બનાવવા વધુ રૂપિયા ૧,૨૦૦/- કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

મોરબીના ચોતરફ કાર્યરત વિવિધ પ્રકારના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિ અંતર્ગત ઉદ્યોગોને માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા અંદાજે ૩૭૫ કરોડના રોડ-રસ્તા બનાવવાના કામો કાર્યરત છે. ત્યારે મોરબીના હિતો માટે સક્રિય ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ રાજ્ય ઉદ્યોગમંત્રી સમક્ષ રજુઆત કરતા વધુ રૂપિયા ૧૨૦૦ કરોડ મંજૂર કર્યા છે, જે સમગ્ર વિસ્તાર માટે ખૂબ જ આનંદ અને ગૌરવની બાબત છે.



આંતરિક રોડ રસ્તાઓ ખૂબ જ મજબૂત બનવાથી વરસાદની સીઝનમાં પણ સરળતાથી ઉદ્યોગકારો પોતપોતાના ઉદ્યોગગૃહ સુધી પહોંચી શકે અને મોટા વાહનો ટ્રક ટ્રેલર પણ આસાનીથી પરિવહન કરી શકે. રોડ રસ્તાઓ કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો માપદંડ છે. નેશનલ હાઈવેઝ, નેશનલ એક્સપ્રેસ વેયઝ, ફલાય ઓવર, ઓવર બ્રિજી અને એઈટ લેન, સિક્સ લેન, ફોર લેન ખૂબ મોટી માત્રામાં બની રહ્યા છે, એ જ શ્રેણીમાં મોરબીના ઉદ્યોગોને આ સુવિધા મળતા ઉદ્યોગકારોમાં આનંદની લાગણી પ્રવર્તી ગઈ છે.

# જામનગર ખાતે ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ઝોન તથા મહાનગરપાલીકા કક્ષાની કબડ્ડી, રસ્સા ખેંચ, વોલિબોલ તથા ખો-ખો રમતની સ્પર્ધાઓ યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**


ગુજરાત રાજ્ય સરકારનાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારી, જામનગર શહેર દ્વારા સંચાલીત ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ અંતર્ગત ઝોનકક્ષા અને મહાનગરપાલીકાકક્ષાની કબડ્ડિ, રસ્સા ખેંચ, વોલિબોલ તથા ખો-ખો રમતની સ્પર્ધાઓ યોજાઈ હતી. ઓશવાળ ઈંગ્લિશ એકેડમી જામનગર ખાતે જિલ્લા રમત ગમત અધિકારી જામનગર શહેર દ્વારા કરાયેલ આયોજનમાં કબડ્ડિમાં અં. ૧૪, ૧૭, ઓપન એઈજ ગૃપમાં ૧,૦૩૨ ભાઈઓ અને ૫૮૮ બહેનો એમ કુલ ૧,૬૨૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. રસ્સા ખેંચમાં અં.૧૭, ઓપન એઈજ ગૃપ, ૪૦ તેમજ ૬૦ વર્ષથી ઉપરના ભાઈઓ-બહેનોની સ્પર્ધામાં ૪૦૬ ભાઈઓ અને ૩૩૩



બહેનો એમ કુલ ૭૩૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો જ્યારે અં. ૧૪, ૧૭, ઓપન એઈજ ગૃપની ખો-ખો સ્પર્ધામાં ૧,૦૯૨ ભાઈઓ અને ૯૨૪ બહેનો એમ કુલ ૨,૦૧૬ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો.જ્યારે સત્ય સાંઈ વિદ્યાલય જામનગર ખાતે યોજાયેલ વોલિબોલની અં. ૧૪, ૧૭, ઓપન એઈજ ગૃપમાં ૭૯૨ ભાઈઓ અને ૩૯૬ બહેનો એમ કુલ ૧,૧૮૮ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ખેલ મહાકુંભમાં સહભાગી બન્યા હતા.

ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ અંતર્ગત ઝોન કક્ષા અને મહાનગરપાલીકા કક્ષાએ દરેક વયજૂથ અને કેટેગરીમાં વિજેતા થયેલાં ખેલાડીઓ ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ ની રાજ્યકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ટીમને ઈનામ રૂપે રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરાશે તેમ જિલ્લા રમત-ગમત અધિકારી અને જિલ્લા રમત વિકાસ અધિકારી જામનગર દ્વારા જણાવાયું છે.

# જામનગરમાં નિવૃત પ્રોફેસરને શેરબજારમાં રોકાણની લાલચ આપી ૫૦ લાખની છેતરપિંડી કરનાર શખ્સ ઈન્દોરથી ઝડપાયો



નિવૃત પ્રોફેસરને શેરબજારમાં રોકાણની લાલાચ આપી ૫૦ લાખની છેતરપિંડી કરનાર શખ્સ ઈન્દોરથી ઝડપાયો.જામનગર ખેતીવાડી બાજરા સંશોધન કેન્દ્રમાંથી નિવૃત થયેલા પ્રોફેસર સામજીભાઈ ડાયાભાઈ અટારા (ઉ.વ.૭૨) શેરબજારમાં રોકાણ કરતા હતાં. આ દરમ્યાન થોડા મહિનાઓ પહેલા સ્વેતા મેડમના નામે આવેલ કોલમાં તેણીએ કંપનીના કર્મચારી તરીકેની ઓળખ આપીને કંપની વતી શેર માર્કેટમાં રોકાણ માટે નિવૃત પ્રોફેસરને સમજાવી હતી.જે બાદ કંપનીના મેનેજર તરીકેની ઓળખ આપી અંકીતભાઈનો કોલ આવ્યો હતો. જે બાદ શેર માર્કેટની ટીપ્સ આપવાના બહારને તથા ઈક્વીટી તેમજ કોમોડીટીમાં આ કંપની થકી શેર માર્કેટમાં નાણાનું રોકાણ કરીને વધુ નફો કમાવવાની લાલચ આપી હતી. જેથી પ્રોફેસર વધુ નફો કમાવવાની લાલચમાં આવી જઈને કટકે કટકે કુલ રૂ.૫૦,૧૩,૩૨૮ લઈને કોઈપણ જાતનું શેર માર્કેટમાં વળતર નહીં આપી તેમજ રોકેલા નાણા પણ પરત નહીં આપીને ઓનલાઈન છેતરપીંડી આચરી હતી.જેની પ્રોફેસરને જાણ થતાં તેમણે ફરિયાદ નોંધાવતા પોલીસે સ્વેતા મેડમ, અંકીતભાઈ અને બન્ટી શર્મા નામના શખસો સામે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. જેની તપાસ દરમિયાન પોલીસની ટીમે ઇન્દોરથી એક આરોપીને પોલીસે ઝડપી લીધો છે અને જામનગર લાવવામાં આવી રહ્યો છે.

# મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ આરોપીને દબોચી લેતી પેરોલ ફર્લો સ્ક્વોડ



મોરબી સીટી બી પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને માળીયા ફાટક નજીકથી પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા આરોપીને ઝડપી લઈ હસ્તગત કરી આગળની કાયદેસરની કાર્યવાહી સબબ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં સોંપવા તજવીજ હાથ ધરી છે. મોરબી જીલ્લામાં નાસતા ફરતા, પેરોલ જમ્પ, જેલ ફરારી આરોપીઓને પકડી પાડવા તા.૧૯/૦૧ થી તા.૩૧/૦૧ સુધી મોરબી જીલ્લા વિસ્તારના પ્રોહીબીશનના ગુનાઓમાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગે સ્પે.ડ્રાઈવનુ આયોજન કરેલ હોય જે ડ્રાઈવ અનુસંધાને મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ પ્રયત્નશીલ હોય તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઈ વિક્રમસિંહ સબળસિંહ બોરાણા, હેડ કોન્સે.ઈશ્વરભાઈ કલોતરા, ભરતભાઈ જીલરીયાને ખાનગીરાહે હકિકત મળેલ કે, મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૪ માં નોંધાયેલ પ્રોહીબીશન ગુનામાં નાસતો ફરતો આરોપી દેવેંદ્ર ઉર્ફે દેવો કચ્છવાળો હાલે મોરબી જીલ્લાના માળીયા ફાટક પાસે આવેલ વસુંધરા હોટલ પાસે હોવાની ચોકકસ હકિકત મળતા જે હકિકત આધારે ઉપરોક્ત સ્થળે તપાસ કરતા આરોપી દેવેંદ્ર ઉર્ફે દેવો ખોડીદાસભાઈ કાપડી ઉવ.૩૪ રહે.યશોદાનગર ગામ નાની ચિરઈ તા.ભચાઉ જી.કચ્છ(ભુજ) વાળો મળી આવતા, આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોપવા કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીન વનાળીયામાં ડો. હસ્તીબેન મહેતાના ૧૫૮મા આરોગ્ય કેમ્પનું સફળ આયોજન

## કેમ્પમાં બહોળી સંખ્યામાં દર્દીઓએ આરોગ્ય લાભ મેળવ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના વનાળીયા ગ્રામ પંચાયત ખાતે ડો. હસ્તીબેન મેહતાના ૧૫૮મા એક દિવસીય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રસીલાબેન લલિતભાઈ રાવલ (બેંગલોર)ના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં બ્લડ શુગર, બીપી ચેકઅપ, વજન માપણી અને પોઈન્ટ થેરાપી દ્વારા કુલ ૧૩૫થી વધુ દર્દીઓને આરોગ્યલાભ આપવામાં આવ્યો હતો.



વનાળીયા ગ્રામ પંચાયત ખાતે ડો. હસ્તીબેન મેહતાના માર્ગદર્શન હેઠળ ૧૫૮મા એક દિવસીય આરોગ્ય કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ રસીલાબેન લલિતભાઈ રાવલ (બેંગલોર)ના સહયોગથી યોજાયો હતો, જેમાં ગ્રામજનો માટે વિનામૂલ્યે આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ૪૦થી વધુ દર્દીઓનું બ્લડ સુગર ચેકઅપ અને ૪૫ દર્દીઓનું બીપી ચેકઅપ કરવામાં આવ્યું. દરેક દર્દીનું વજન માપવામાં આવ્યું અને ત્રણ દિવસ માટે જરૂરી દવાઓ આપવામાં આવી હતી. જયસુખભાઈ ભાલોડિયા દ્વારા વા, સાંધા અને ઘૂંટણના દર્દીઓને પોઈન્ટ થેરાપી દ્વારા સારવાર આપવામાં આવી, જેમાં ૫૦થી વધુ દર્દીઓને તત્કાલ રાહતનો અહેસાસ થયો હતો.

આ કેમ્પના સફળ આયોજનમાં સરપંચ અબુભાઈ સુમરા (લૂઢર), રસિકભાઈ ગામી તેમજ વનાળીયા ગામના રહેવાસીઓએ જહેમત ઉઠાવી હતી. કેમ્પ દરમિયાન સહાયક તરીકે રશ્મિન દેસાઈ, નિશા દેસાઈ અને કોઠારીભાઈએ સેવા આપી હતી.

# મોરબીમાં પરશુરામધામના પ્રમુખપદેથી ભુપતભાઈની સન્માન સાથે વિદાય



ભગવાન શ્રીપરશુરામ ધામ, જે મોરબીના બ્રાહ્મણ સમાજ તેમજ અન્ય સમાજ માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે, તેનાં પ્રમુખ તરીકે ૧૫ વર્ષ સુધી સેવા આપનાર ભુપતભાઈ પંડ્યાની સન્માન સાથે વિદાય કરવામાં આવી છે. ભુપતભાઈએ પોતાના કાર્યકાળ દરમિયાન પરશુરામ ધામના વિકાસને વેગવંતો બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેઓએ દર રવિવારે મહાપ્રસાદનું આયોજન, કોરોના કેર સેન્ટરનું સંચાલન, ધાર્મિક કાર્યક્રમો અને વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન જેવા સંખ્યાબંધ પ્રોત્સાહક આયોજન કરવામાં આગવી ભૂમિકા ભજવી છે. હાલમાં નાદુરસ્ત તબિયતને લીધે તેમણે રાજીનામું આપ્યું છે, પરંતુ પોતાની યથાયોગ્ય સહકાર આપવાની ખાતરી વ્યક્ત કરી છે. રવિવારે તેમના સન્માન માટે યોજાયેલા કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓએ ભુપતભાઈના કાર્યને બિરદાવ્યું હતું અને તેમની સ્વસ્થતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડો. અનિલભાઈ મહેતા, હસુભાઈ પંડ્યા, ડો. બી. કે. લહેરુ, એડવોકેટ જગદીશભાઈ ઓઝા, મુકુંદભાઈ જોશી, સુરેશભાઈ જોશી, વિનુભાઈ ભટ્ટ, દિપભાઈ પંડ્યા સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી ભુપતભાઈને સન્માનિત કરી શુભકામનાઓ પાઠવી હતી.

# મોરબીના સામાકાંઠા વિસ્તારમાં સ્વીફ્ટ કારમાં સંગ્રહ કરેલ વિદેશી દારૂની ૧૦૮ બોટલ ઝડપાઈ, આરોપી ફરાર

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ મધુવન સોસાયટીમાં ઘર પાસે પાર્ક કરેલ સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી વિદેશી દારૂની ૧૦૮ બોટલનો જથ્થો મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે, પોલીસના દરોડા દરમિયાન આરોપી હાજર નહીં મળી આવતા તેને ફરાર દર્શાવી તેને પકડી લેવા શોધખોળ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે મોરબી-૨ મધુવન સોસાયટીમાં રહેતો રાજદીપસિંહ દવેરા પોતાના આર્થિક ફાયદા માટે સ્વીફ્ટ ડિઝાયર રજી.નં. જીજે-૦૧-આરસી-૮૭૩૨ વાળી કારમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોય જે મુજબની મળેલ બાતમીને આધારે મધુવન સોસાયટીમાં રેઈડ કરતા ઉપરોક્ત સ્વીફ્ટ ડિઝાયર કાર બંધ હાલતમાં પડી હોય જેથી કારનો દરવાજો અન્ય ચાવીથી ખોલતા તેમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વહીસ્કીની ૧૦૮ બોટલ કિ.રૂ.૭૫,૧૮૬/-મળી આવી હતી, જેથી પોલીસે વિદેશી દારૂનો જથ્થો તથા કાર સહિત રૂ.૩,૭૫,૧૮૬/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો, રેઈડ દરમિયાન આરોપી રાજદીપસિંહ દવેરા રહે.મોરબી-૨ મધુવન સોસાયટીવાળો હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા અદ્યતન કેન્સર સારવાર માટે ઉર્જા - અત્યાધુનિક લિનેક ટેકનોલોજીનો પ્રારંભ કરાયો

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ ની એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ દ્વારા નસ્ત્રઉર્જાસ્ત્રસ્ત્ર ના લોન્ચની ઘોષણા કરાઈ છે જે એક અત્યાધુનિક લિનેક (લિનિયર એક્સિલરેટર) છે, રાજકોટ અને આસપાસના સૌરાષ્ટ્ર પ્રદેશ, જેમાં જૂનાગઢ, મોરબી, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર અને જામનગરનો સમાવેશ થાય છે લોકો માટે અત્યાધુનિક રેડિયેશન થેરાપી અને કોમ્પ્રિહેન્સિવ કેન્સર કેર લાવ્યું છે

અત્યાધુનિક લિનેક ટેકનોલોજી બ્રેસ્ટ, બ્રેઈન, કરોડરજ્જુ, માથા, ગરદન, ફેફસા, સ્ત્રીરોગ, ત્વચા, ગુદામાર્ગ, લીવર અને પ્રોસ્ટેટ કેન્સર સહિત વિવિધ પ્રકારના કેન્સર સામે લડતા દર્દીઓને રેડિયેશન થેરાપી પૂરી પાડશે. અદ્યતન રેડિયેશન ટેકનોલોજી: આ US FDA-એપ્રુવ્ડ કઈંગઅઈ સિસ્ટમ સ્વસ્થ અવયવો માટે વધુ સારી સુરક્ષા સાથે ખૂબ જ સચોટ સારવાર પૂરી પાડે છે. તે સ્ટીરિયોટેક્ટિક રેડિયોસર્જરી અને સ્ટીરિયોટેક્ટિક બોડી રેડિયેશન થેરાપી કરી શકે છે, જેનાથી માત્ર થોડા સત્રોમાં ચોક્કસ રેડિયેશન થઈ શકે છે. આ સિસ્ટમ મુવિંગ ટ્યુમર્સને ટ્રેક અને સારવાર પણ કરી શકે છે, અને તે ડીપ ઈન્સ્પિરેટરી બ્રેથ હોલ્ડનો ઉપયોગ કરીને સ્તન કેન્સરના દર્દીઓમાં હૃદયમાં રેડિયેશન ઘટાડવામાં મદદ કરે છે. વધુમાં, તેમાં કોન બીમ CT સાથે ઈમેજ-ગાઈડેડ રેડિયોથેરાપી શામેલ છે અને અસરકારક સારવાર માટે IMRT અને રેપિડ આર્ક જેવી અદ્યતન રેડિયેશન તકનીકો પ્રદાન કરે છે. કોમ્પ્રિહેન્સિવ કેન્સર કેર : આ કેન્દ્ર બહુ-વિષયક અભિગમ અપનાવે છે, જે પરામર્શ, નિદાન, સારવાર આયોજન અને સારવાર પછીની સહાય પૂરી પાડે છે, જેથી દર્દીની સારવાર નું સફર દરેક પગલાને કુશળતા અને કાળજી સાથે સંચાલિત કરવામાં આવે તેની ખાતરી થાય. એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સની ટીમમાં અનુભવી ઓન્કોલોજિસ્ટ, રેડિયેશન થેરાપિસ્ટ, મેડિકલ ફિઝિસીસ્ટ અને સપોર્ટિંગ સ્ટાફનો







(તસ્વીરઃ આનંદ જાવિયા)

સમાવેશ થાય છે, જે બધા વ્યક્તિગત સારવાર અને દર્દીની સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉચ્ચતમ ધોરણની સંભાળ પૂરી પાડવા માટે સમર્પિત છે. પર્સનલાઈઝ્ડ ટ્રીટમેન્ટ પ્લાન્સઃ અદ્યતન ઈમેજિંગ અને સારવાર આયોજન તકનીકોનો ઉપયોગ કરીને, નસ્ત્રઉર્જાસ્ત્રસ્ત્ર દરેક દર્દીની અન્ય જરૂરિયાતો અને સ્થિતિના આધારે રેડિયેશન થેરાપીની પદ્ધતિને કસ્ટમાઈઝ કરે છે. લોન્ચિંગ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વોકહાર્ટ હોસ્પિટલ્સ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર શ ઝહાબિયા ખોરાકીવાલા એ જણાવ્યું હતું કે, અત્યાધુનિક લિનેક ઉર્જા ની સ્થાપના કોઈ નાની સિદ્ધિ નહોતી. છેલ્લા ૧૧ મહિનામાં, એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ,રાજકોટે અઊઈઈ (એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ) દ્વારા પ્રમાણિત, ઉચ્ચતમ ધોરણો સાથે સલામતી અને પાલન સુનિશ્ચિત કરવા માટે એક વિશિષ્ટ બંકર બનાવવામાં નોંધપાત્ર પ્રયાસ કર્યો છે.અત્યાધુનિક રેડિયેશન થેરાપી ટેકનોલોજીમાં અમારા રોકાણ અને નિષ્ણાતોની ટીમ દ્વારા, અમે ઉચ્ચતમ ધોરણની સંભાળ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ. અમારું ધ્યેય નવીન તબીબી પ્રગતિઓને કરુણાપૂર્ણ, દર્દી-કેન્દ્રિત સંભાળ સાથે જોડવાનું છે, એક એવું વાતાવરણ બનાવવાનું છે જ્યાં દર્દીઓનો વિકાસ થઈ શકે. અમે આ પરિવર્તનશીલ સંભાળને અમારા સમુદાયમાં લાવવા અને કેન્સર સામેની લડાઈમાં નવીનતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતામાં અડગ રહેવા માટે ઉત્સાહિત છીએ. ઉર્જા નામ ઊર્જા અને જીવનશક્તિનું પ્રતીક છે, જે કેન્સરના દર્દીઓને તેમના સ્વસ્થ થવાના માર્ગ પર જરૂરી શક્તિ અને સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. આ લોન્ચ ફક્ત નવીન ટેકનોલોજી વિશે જ નહીં પરંતુ કેન્સરનો સામનો કરી રહેલા વ્યક્તિઓના હિંમતનું સન્માન કરવા અને કરુણાપૂર્ણ સંભાળ, નવીન સારવાર અને વ્યક્તિગત ધ્યાન દ્વારા તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ થવા વિશે પણ છે.

## જૂના યાર્ડમાં વધેલા શાકભાજી અને પાંદડામાંથી ખાતર બનાવવાનું શરૂ, દરરોજનું ૭૦૦ કિલો તૈયાર થાય છે

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં જૂના યાર્ડમાં વધેલા શાકભાજી અને પાંદડાને કારણે નિકાલ સ્થળ અને પ્લેટફોર્મ પર ગંદકી ફેલાઈ જતી હતી. તેમજ દુર્ગંધની પણ ફરિયાદ ઉઠતી હતી પરંતુ હવે આ સમસ્યા જૂની બની છે. રાજકોટ યાર્ડમાં વધેલા શાકભાજીનો યોગ્ય નિકાલ થાય અને તેનાથી પર્યાવરણની પણ બચત થાય તે માટે ખાતર બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. હાલ આ પ્લાન્ટની કાર્યક્ષમતા ૧૫૦૦ ટનની છે જેની સામે ૭૦૦ ટન ખાતર બને છે. હવે આગામી દિવસોમાં પેટ્રોલપંપની પણ સુવિધા ઊભી કરવામાં આવશે તેમ યાર્ડના વાઈસ ચેરમેન વિજયભાઈ કોરાટે જણાવ્યું છે.



વધુમાં તેના જણાવ્યાનુસાર અગાઉ હરાજી બાદ વધેલા શાકભાજીનો નિકાલ ત્યાં યાર્ડમાં જ કરવામાં આવતો હતો. ખાસ કરીને સૌથી વધુ ગંદકી પ્લેટફોર્મ પાસે થતી હતી ત્યાં જે શાકભાજી અને પાંદડા ફેંકી દેવામાં આવતા હતા તેના નિકાલની સૌથી મોટી સમસ્યા હતી. આ સમસ્યાનું નિરાકરણ આવે તે માટે ખાતર બનાવવાનો પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. જો કે આગામી દિવસોમાં તેની કાર્યક્ષમતામાં પણ વધારો કરવામાં આવશે. પ્લાન્ટમાં જે ખાતર બને છે તેનો ઉપયોગ ખેડૂતો અને સામાન્ય લોકો કરી શકે તે માટે ખાસ કેન્દ્ર પણ ઊભું કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર પરથી ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અત્યારે શિયાળુ શાકભાજી આવતું હોવાને કારણે ખાતર બનાવવાની કામગીરી પણ વધી છે. સવારથી સાંજ સુધી આ પ્લાન્ટ કાર્યરત રાખવામાં આવે છે. આગામી દિવસોમાં હવે યાર્ડમાં જ પ્લાન્ટ બનાવવામાં આવશે જેને કારણે ખેડૂતોની સુવિધામાંવધારો થશે.

## ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

### તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે

મુખ્ય સમાચાર,રાજકોટ

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૨૨/૦૧/૨૫ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ઝનકાર મ્યુઝિકલ ગ્રુપનસ્ત્ર દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.અને તા.૨૪/૦૧/૨૫ શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે જ્યા મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા.૨૫/૦૧/૨૫ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુરીલી સાંજ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા.૨૬/૦૧/૨૫ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે બાસરી મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, સલીમભાઈ ચાનીયા, હિનાબેન હિરાણી, મુકેશભાઈ માહી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## ગોંડલના ખાંડાધાર ગામની સીમમાં મહિલા પર સેઢા પાડોશી બંધુનો નિર્લજ્જ હુમલો

મુખ્ય સમાચાર, ગોંડલ

ગોંડલના ખાંડાધાર ગામની સીમમાં વાડીના રસ્તા પ્રશ્ને મહિલા પર સેઢા પડોશી બંધુએ નિર્લજ્જ હુમલો કરતાં તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. મહિલા વાડીએ એકલી હતી ત્યારે ઘસી ગયેલ આરોપીઓએ ઝઘડો કરી મારમારી પાટુ મારી પાડી દઈ શરીરે અડપલાં કર્યા હતાં.

બનાવ ની પ્રાપ્ત વિગત મુજબ ખાંડાધાર ગામની સીમ વિસ્તારમાં રહેતાં ભાનુબેન લીંબાભાઈ લીંબડીયા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ખાંડાધાર નાં મુકેશ વલ્લભ મકવાણા અને તેનો ભાઈ સુરેશ મકવાણા નું નામ આપી જણાવ્યું હતું કે, તેણી ગામના ભુપતભાઈ ડાભીની વાડીએ તેના પતિ સાથે છેલ્લા ચારેક વર્ષથી ખેત મજુરી કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૦૩ ના સાંજના સમયે તેણી ખેતરમા સૂકવવા રાખેલ લાલ મરચા ફેરવતી હોય તે દરમ્યાન મુકેશ મકવાણા તથા તેનો ભાઈ સુરેશ વાડીએ ઘસી આવેલ અને કહેવા લાગેલ કે, તમે અમારી વાડી જવાના રસ્તે કેમ અવાર-નવાર ઉભા હોય છો તેમ કહી બંને શખ્સો ગાળો આપવા લાગેલ જેથી તેને કહેલ કે, મને ગાળો કેમ આપો છો તેમ કહેતા મુકેશએ તેણીને પાટુ મારી પાડી દીધેલ અને શરીરે છાતીના ભાગે હાથ ફેરવવા લાગેલ હતો. તેમજ સુરેશ પણ તેણીના મોઢાની પાસે ઉભા રહી મોઢુ દબાવવાની કોશીસ કરેલ અને તે દરમ્યાન તેણીએ રાડા રાડી કરતા વાડીએ કામ કરતા કરસનભાઈ બહુકીયા આવી ગયેલ અને વચ્ચે પડતા આરોપીઓએ કરશનભાઈને પણ ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતાં. જેથી તેણી ત્યાથી ભાગીને જતી રહેલ હતી. દેકારો થતાં આરોપી નાસી છૂટયા હતાં. બાદમાં તેણીના પતિ



આવી જતાં તેણીને અને ઈજાગ્રસ્ત કરશનભાઈને સારવારમાં ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. વધુમાં બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, આરોપીઓ સાથે અવાર-નવાર રસ્તા બાબતે પ્રશ્નો ઉભા થતા હોય જેનો ખાર રાખી નિર્લજ્જ હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે નિર્લજ્જ હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

## રાજકોટમાં છેલ્લા ચાર દિવસથી મચ્છીનો ત્રાસઃ લોકો ત્રાહીમામ



મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં છેલ્લા ચાર દિવસથી મચ્છીનો ત્રાસ વધતા વાહન ચાલકો પરેશાન થયા છે શહેરના તમામ વિસ્તારમાં મચ્છીનું સામ્રાજ્ય ફેલાયુ હોય રાહદારીઓ માટે નીકળવાનું મુશ્કેલ બન્યું છે રેસકોર્સ રિંગ રોડ સહિતના વિસ્તારમાં રાહદારીઓને આંખમાં મચ્છી આવી જતા ઉભુ રહેવું પડે છે ઘરની બહાર નીકળો તો ચશ્મા પહેરી ઘરની બહાર નીકળવા રાજકોટ આંખનાસર્જનો દ્વારા જણાવાયું છે. રાજકોટમાં હાલમાં વાતાવરણમાં એક તરફી પલટો આવ્યો છે. ગરમીનું પ્રમાણ વધતું જઈ રહ્યું છે. ઠંડીનું પ્રમાણ ઘટતું જઈ રહ્યું છે. અને મિશ્ર વાતાવરણનો અહેસાસ જિલ્લાવાસીઓ કરી રહ્યા છે. ત્યારે રાજકોટમાં છેલ્લા ઘણા દિવસોથી મચ્છીઓ ત્રાસ વધ્યો છે. ઉડતી મચ્છી વાહનચાલકોના આંખોમાં જઈ રહી છે. અને નુકસાન પહોંચાડી રહી છે. ખાસ કરીને જાહેર રોડ રસ્તા ઉપર વહેલી સવારે અને મોડી સાંજે આવી મચ્છીઓ ભારે હેરાનગતી સર્જી રહી છે.

## રાજકોટમાં શરદી-ઊધરસનાં ૭૯૧, સામાન્ય તાવના ૬૫૭ સહિત વિવિધ રોગનાં ૧૫૬૭ કેસ નોંધાયા, રોગચાળામાં સામાન્ય ઘટાડો

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં છેલ્લા બે દિવસોથી ઠંડીમાં ઘટાડો નોંધાયો છે, જેના પગલે હાલ મનપાનાં ચોપડે છેલ્લા સપ્તાહનાં રોગચાળામાં મામુલી ઘટાડો નોંધાયો છે. જેમાં શરદી- ઊધરસનાં ૭૯૧ તેમજ સામાન્ય તાવના ૬૫૭ સહિત વિવિધ રોગનાં કુલ ૧૫૬૭ કેસ નોંધાયા છે. છેલ્લા ચાર સપ્તાહથી શરદી-ઉધરસનાં કેસો સતત ૧૦૦૦ કરતા વધુ હતા. જેની સામે વીતેલા સપ્તાહે ૭૯૧ કેસ નોંધાયા છે. જ્યારે ગત સપ્તાહે કુલ ૨૦૦૦થી વધુ કેસ હતા. જેની સામે ચાલુ સપ્તાહે કુલ ૧૫૬૭ દર્દીઓ સામે આવ્યા છે. તેમજ સૌથી મહત્વની બાબત એ છે કે ઘાતક ઈંખડટ વાયરસનો એકપણ કેસ સામે આવ્યો નથી.



પ્રાપ્ત વિગત મુજબ, છેલ્લા સપ્તાહમાં મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં ૧૫૬૭ કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઊધરસનાં ૭૯૧ કેસ, ઝાડા-ઊલટીનાં ૧૧૭, સામાન્ય તાવનાં ૬૫૭ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અતિ જોખમી ગણાતા ટાઈફોઈડ તાવનો પણ ૧ કેસ નોંધાયો છે. તો મચ્છરજન્ય રોગચાળામાં ડેંગ્યુ અને મેલેરિયાનાં કોઈ કેસ નથી. પણ ચિકનગુનિયાનો ૧ કેસ સામે આવ્યો છે. આ આંકડાઓ સરકારી આરોગ્ય કેન્દ્રોનાં છે. જોકે ખાનગી ક્લિનિકોને ધ્યાનમાં રાખીએ તો કુલ દર્દીનો આંકડો પાંચગણો હોવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી.

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, હાલમાં શિયાળાની ઠંડીમાં ઘટાડો થતાં શરદી-ઊધરસ તેમજ તાવનાં કેસોમાં થોડો ઘટાડો થયો છે. જોકે આગામી દિવસીમાં મિશ્રઋતુનો અનુભવ થાય તેવી શક્યતા છે. ત્યારે લોકોએ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ. સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો હિતાવહ છે. ઉપરાંત જો કોઈપણ પ્રકારે તબિયત વધુ ખરાબ લાગે તો તરત જ મનપાનાં આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જરૂરી છે.

રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ૫૬ મેલેરિયા ફિલ્ડવર્કર, ૪૧૫ અર્બન આશા અને ૧૧૫ વી.બી.ડી વોલેન્ટીયર્સ દ્વારા તા. ૧૩ જાન્યુઆરીથી તા. ૧૯ જાન્યુઆરી વચ્ચે ૨૯,૨૯૬ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. અને ૭,૨૨ ઘરમાં ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. મચ્છરની ઘનતા વધુ હોય તે વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સબબ બાંધકામ સાઈટ, સ્કૂલ, કોલેજો સહિત કુલ ૬૬૯ પ્રિમાઈસીસમાં તપાસ કરવામાં આવી હતી. દરમિયાન રહેણાંકમાં ૨૭૩ તો કોર્મશીયલમાં ૧૩૪ મળી આસામીઓને નોટિસ ફટકારવામાં આવી હતી. તેમજ મચ્છરની ઉત્પત્તિ બદલ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. હાલ ડેંગ્યુનાં કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આમ છતાં મનપા દ્વારા જે સ્થળેથી ડેંગ્યુનાં કેસો સામે આવ્યા હતા, તેવા સ્થળે ઉપરાંત આસપાસના વિસ્તારોમાં ફોગીંગ સહિતની કામગીરી કરીને મચ્છરોની ઉત્પત્તિ રોકવા કામગીરી કરવામાં આવી રહી છે.

## કોટડાસાંગાણી ઘટક ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

મુખ્ય સમાચાર,રાજકોટ

મહિલા અને બાળવિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા આઈ. સી.ડી.એસ કચેરી કોટડાસાંગાણી ઘટક ખાતે પોષણ ઉત્સવ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું, જે આયોજન માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા પ્રોગ્રામ ઓફિસર સાહેબશ્રી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ, જેમાં ટેક હોમ રાશન(માતૃશકિત, પૂર્ણા શકિત, બાલશક્તિ) અને મિલેટ્સ માંથી બનતી પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં સેજા કક્ષાએ નંબર પ્રાપ્ત કરેલ વાનગીનું ઘટક કક્ષાએ નામાંકન માટે આ ઘટક કક્ષાની વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું, આ પોષણ ઉત્સવનો ઉદેશ્ય સગર્ભા માતા, બાળકો કિશોરીઓ, સુપોષિત બને તે માટે અને તેઓના રોજિંદા ખોરાકમાં ટેક હોમ રાશન અને મિલેટ્સ નો ઉપયોગ વધારી તેઓ સારુ પોષણ પ્રાપ્ત કરે તે ઉમદા હેતુ રહેલો છે, આ ટેક હોમ રેશન આંગણવાડી



પરથી લાભાર્થીઓને વિનામૂલ્યે દર માસે આપવામાં આવે છે, આ ઉપરાંત મૂળ ભારતના પાકો જેવા કે બાજરી જુવાર, રાગી, મકાઈ, કાંગ, સામો જેવા ગુણકારી મિલેટસનો પણ રોજિંદા ખોરાકમાં ઉપયોગ વધે તે હેતુસર આ વાનગી સ્પર્ધામાં મિલેટ્સને પણ આવરી લેવામાં આવેલ હતા, અને સાથે ખુબ જ લાભદાયીક સરગવાના ઉપયોગ થકી વાનગીને વધુ પૌષ્ટિક કેમ બનાવી શકાય તે લાભાર્થીને સમજાવવા પ્રયત્ન કરેલ હતો, લાભાર્થીઓના પોષણ ના ઉમદા હેતુસર આ ઘટક કક્ષાની વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં કોટડાસાંગણી તાલુકા પંચાયત ઉપપ્રમુખશ્રી રમાબેન અશ્વિનભાઈ ગઢીયા, તાલુકા ભાજપ પ્રમુખશ્રી જસમતભાઈ સાંગાણી, સી. એચ.ઓ ડો.જાનવીમેડમ, બી. આર. સી કોર્ડીનેટરશ્રી વીરભદ્રસિંહ જાડેજા, તથા સેજાના સુપરવાઈઝર, કચેરીનો તમામ સ્ટાફ થા આંગણવાડી કાર્યકર બહેનો, આશાવર્કર બહેનો તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વીવીપી એન્જિનિયરિંગ કોલેજના આઈટી વિભાગના પ્રોફેસર વિજયભાઈ વ્યાસે પીએચડી ની ડીગ્રી પ્રાપ્ત કરી



વીવીપી એન્જીનીયરીંગ કોલેજ ના આઈ.ટી. વિભાગ નાપ્રોફેસર વિજયભાઈ કે.વ્યાસેહાલ નિરમા યુનિવર્સીટીમાંકાર્યરત ડો. અશ્વિનજી. રૈયાણીના માર્ગદર્શન હેઠળઈનહાસમેન્ટઓફ IOTઅએન્ડઇમ્પ્લિમેન્ટેશનઇન IoT અંતર્ગત સીપીયુના વપરાશ અને ટિપ સિલેક્શન ના કન્ફર્મેશનટાઇમ અને એક્ઝેક્યુશન ટાઇમ માટે ડિસ્ટ્રિબ્યુટેડલેઝરટેકનોલોજીની મદદથીResourceAllocationWeighted Random Walk (RA-WRW) અલગોરિધમ વિષય પર પી.એચ. ડી. પૂર્ણ કર્યું. વિજયભાઈ કે.વ્યાસેપ્રસ્તુત વિષય પર કરેલ રિસર્ચ થી ડેવલોપ કરેલઅલ્ગોરિથમસૂચિત અભિગમકમ્પ્યુટેશનલ સ્ત્રોતના ઉપયોગમાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે, જેમાંસીપીયુના વપરાશમાં ૨૨.૯ટકાનોઘટાડો થયો છે, આ મોડેલે ૪.૫ સેકન્ડનો ટિપ કન્ફર્મેશન ટાઇમ અને એક્ઝેક્યુશન ટાઇમમાં ૪૩.૮ સેકન્ડનો પ્રભાવશાળી ઘટાડો હાંસલ કર્યોછે.વધુમાં આ રિસર્ચહાલ ના સામાજિક પડકારો જેવા કે ઉર્જા સંરક્ષણ, પર્યાવરણ જાળવણી, આર્થિક વૃદ્ધિ અનેનોંધપાત્ર સુધારા સાથેની જાહેર સેવાઓ ને ઝીલવાનો માર્ગ આપેછે આખરે ઉચ્ચ ગુણવત્તાઓસાથેનું જીવન તથા સંસાધનોના સ્માર્ટ સંચાલનમાં મહત્વનો ભાગ ભજવે છે.આ તકેપ્રો. વિજય વ્યાસ ને પી.એચ.ડી ની પદવી મળવા ના શુભ અવસરે મિત્રો સાગા વ્હાલા , તેમજ સમગ્ર વીવીપી પરિવાર તરફથી શુભેચ્છા મળી રહી છે.

## ગોંડલમાં આઈ.સી.ડી.એસ ઘટક દ્વારા રસોઈ શો ની તાલીમ યોજવામા આવી

■ પુરક આહાર એ કુપોષિત બાળકોને તંદુરસ્ત કરવામા મહત્વની ભૂમિકા બજાવે છેઃ સોનલ બેન વાળા

મુખ્ય સમાચાર, ગોંડલ

આંગણવાડી એટલે બાળકોનો સર્વાંગી વિકાસ આંગણવાડી પર અન્ય મુખ્ય સેવાઓમાં સૌથી મહત્વની સેવામાં પુરક આહારની સેવા આવે છે જેમાં ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી પર સવારનો ગરમ નાસ્તો અને બપોરનો ગરમ પુરક આહાર આપવામાં આવે છે . આંગણવાડી કેન્દ્ર પર પૌષ્ટિક , પોષણયુક્ત પુરક આહાર તેડાંગર બહેનો બનાવે છે .પુરક આહાર એ



કુપોષિત બાળકોને તંદુરસ્ત કરવામાં મહત્વની ભૂમિકા બજાવે છે.

ઉપરોક્ત સેવાનાં સંદર્ભ માં આંગણવાડી તેડાગર બહેનોના ક્ષમતાવર્ધન માટે તેમજ નવા આવેલ બહનેઓ માટે ઉપલેટા તાલુકામાં આંગણવાડીના મેનુ મુજબ વાનગી બનાવતા શીખવવા માટે ૨ દિવસીય રસોઈ શો તાલીમનું આયોજન થયેલ.

જેમાં બહેનોને સ્થાનિક કક્ષાએ મળતી સામગ્રી માંથી જ ખોરાક નું પોષણ મૂલ્ય જળવાય રહે તેમજ વધે તે રીતે વાનગી બનાંવવાની તાલીમ આપેલ હતી.

તાલીમ દરમિયાન ખોરાક રાંધવાની અલગ અલગ પદ્ધતિઓ, પોષણ મૂલ્ય જાળવવા માટે અલગ અલગ રિતોનું માર્ગદર્શન તાલીમ સ્થળ પર જ વાનગીઓ બનાવી આપવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જેતપુરમાં ક્રેડિટ કાર્ડની લીમીટ વધારવાના બહાને રૂા.૩.૬૫ લાખની છેતરપીંડી

## બરોડા બેંકના કર્મચારીએ ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના બહાને ઠગાઈ કરી હોવાની જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અનેક ગ્રાહકો સાથે ક્રેડિટકાર્ડ બંધ કરાવવા અને લિમિટ વધારવાના નામે રૂપીયા પડાવી લેતો જુનાગઢના પ્રદીપ વાળાને જેતપુર સીટી પોલીસે દબોચી લઈ ત્રણ દિવસના રિમાન્ડ પર લીધો હતો.બે વર્ષથી કણકીયા પ્લોટમાં આવેલ બેંક ઓફ બરોડામાં કામ કરતાં આરોપી પ્રદીપને ચાર માસ પહેલાં ટર્મિનેટ કરાયો હોવાનું પણ ખુલ્યું હતું. જ્યારે ઓટીપીના આધારે ઓનલાઈન રૂપિયાનું ટ્રાન્ઝેકશન કરતો ફ્રોડમાં સંડોવાયેલ માંડવીના રવિ વાળાની શોધખોળ હાથ ધરી છે.

જેતપુર, કણકીયા પ્લોટમાં આવેલ બેંક ઓફ બરોડામાં ક્રેડીટ કાર્ડનુ કામ કરતા પ્રદિપ ભીખુ વાળા (રહે.જુનાગઢ) વિરૂધ્ધ જેતપુર શહેર તેમજ આસપાસના ગામડાના આશરે પંદરેક લોકો સાથે ક્રેડીટ કાર્ડ બંધ કરવાના બહાને તથા ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાના બહાને, ગ્રાહકોને પોતાના ઝાંસામાં લઈ, ઓ.ટી.પી. તથા ક્રેડીટ કાર્ડના ફોટાઓ મેળવી, પોતાના મીત્ર મારફતે ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરાવી લઈ, ફ્રોડમાં મળેલ રૂપીયા પોતાના ખાતામાં જમા કરાવી, રોકડા મેળવી લેતા હોવાની ફરિયાદો જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં આવેલ હતી. જે બનાવની ગંભીરતાને ધ્યાને રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ રૂરલ એસપી હિમકર સિંહ, ડીવાયએસપી રોહીતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ આઈટી એક્ટ મુજબનો ગુનો દાખલ કરી પીઆઈ એ.ડી.પરમારની રાહબરીમાં જેતપુર સીટી પોલીસની અલગ અલગ ટીમ બનાવી આરોપી જૂનાગઢના પ્રદિપ વાળાને ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસની ટીમે આરોપીની ધરપકડ કરી પુછપરછ કરતા જાણવા મળેલ કે, આરોપી છેલ્લા બે વર્ષથી જેતપુર શહેરમાં આવેલ બેન્ક ઓફ બરોડાની શાખામાં નોકરી કરતો હતો અને ચારેક મહિના પહેલા બેન્કમાં કોઈ ગ્રાહકે ફરીયાદ કરતા બેન્ક દ્વારા આરોપીને ટર્મીનેટ કરી દેવામા આવેલ છે. આરોપીની વધુ સઘન પુછપરછ કરતા જણાવેલ કે, આજ સુધી અસંખ્ય ગ્રાહકોના ક્રેડીટ કાર્ડ મેળવી ફ્રોડ આચરેલ છે. તેમજ આરોપી ગ્રાહકોને ફોન કરી ક્રેડીટ કાર્ડની લીમીટ વધારવા, બંધ કરવાના તથા બાકી બીલ પેમેન્ટ ભરી આપવાના બહાને રૂબરૂ બેંકમાં બોલાવતો અથવા પોતે ગ્રાહકોના ઘરે જતો બાદમાં ગ્રાહકોનુ ક્રેડીટ કાર્ડ મેળવી, તેનો ફોટો પોતાના મીત્ર રવી માનસીંગ વાળા (રહે. માંડવી, કચ્છ) ને મોકલી આપતો જે તુરંત ઓનલાઈન મોબાઈલ એપ મારફતે રૂપીયા ઉપાડી લેવા ટ્રાન્ઝેકશન કરતો હતો બાદમાં ઓટીપી જનરેટ થતા આરોપી ગ્રાહકો પાસેથી ઓટીપી મેળવી પોતાની મિત્રને વોટ્સએપ મારફતે મોકલી આપતો જેથી આરોપી રવી વાળા તેમાંથી રૂપીયા ટ્રાન્સફર કરી લઈ પોતાના ખાતામાં મેળવી લેતો હતો. બાદમાં બન્ને આરોપી ફ્રોડમાં મળેલ રકમની ભાગ બટાઈ કરી લેતા હતા. પોલીસ બન્ને આરોપીઓના તમામ બેન્ક એકાઉન્ટ તાત્કાલીક ફ્રીઝ કરવામાં આવેલ છે અને અટક કરેલ આરોપી પ્રદીપ ભીખુ વાળા કોર્ટમાં રજુ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછતાછ શરૂ કરેલ છે. જ્યારે ફરાર આરોપી રવી માનસીંગ વાળા (રહે.માંડવી, કચ્છ) ની શોધખોળ હાથધરી છે.



# વામ્બે આવાસના કવાર્ટરમાં પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

■ અઢી માસથી પતિ તરછોડી ગામડે જતો રહ્યા બાદ પણ ત્રાસ આપતો હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતી પરિણીતાને પતિ અઢી માસથી તરછોડી ગામડે જતો રહ્યો હતો અને બાદમાં પતિ ત્રાસ આપતો હોવાની પોલીસ ફરિયાદ નહીં લેતી હોવાના આક્ષેપ સાથે પરિણીતાએ ફિનાઈલ પી લીધુ હતું. પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતી ક્રિષ્નાબેન સુરેશભાઈ જેમા નામની ૨૮ વર્ષની પરિણીતા રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે ફિનાઈલ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં ક્રિષ્નાબેન જેમાના દસ વર્ષ પહેલા કાલાવડના ભલસાણ ગામે રહેતા સુરેશ જમા સાથે લગ્ન થયા હતા અને તેણીને સંતાનમાં બે પુત્રી છે. હાલમાં વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહે છે. પતિ સુરેશ જેમા અઢી માસથી ક્રિષ્નાબેનને તરછોડી ગામડે ચાલ્યો ગયો છે અને ક્રિષ્નાબેનને કામ પર પણ જવા દેતો નથી અને ત્રાસ આપે છે.

ક્રિષ્નાબેને પતિના ત્રાસથી કંટાળી પોલીસ કમિશનર કચેરી ખાતે ફરિયાદ નોંધવા ગયા હતા જ્યાંથી ક્રિષ્નાબેનને મહિલા પોલીસ સ્ટેશન ખાતે મોકલવામાં આવતા મહિલા પોલીસ મથકેથી ક્રિષ્નાબેનને તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા જવાનું કહેતા ક્રિષ્નાબેનએ પતિ અને પોલીસ ફરિયાદ નહિ નોંધતી હોવાના ત્રાસથી કંટાળી ફિનાઈલ પી લીધું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વીરાણી સ્કૂલની અબજોની જમીનના સોદેબાજ ટ્રસ્ટીઓને કાનુની લપડાક

## શરતભંગ મામલે પ્રાંત અધિકારીનો ચુકાદોઃ વેંચાણ તો નહીં જ કરી શકે પણ ભાડે આપી કમાણી કરવા ઉપર પણ રોક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ટાગોર રોડ પર આવેલ વિરાણી હાઈસ્કૂલ ટ્રસ્ટની જમીનના શરતભંગના મામલે સીટી પ્રાંત-૧ અધિકારી ડો. ચાંદની પરમારે આ સંસ્થાના ટ્રસ્ટીઓને લપડાક મારતો ચુકાદો આપેલ છે. જે અંતર્ગત હવે સંસ્થાની કરોડોની કિંમતની જમીનનું વેચાણ સરકારની મંજૂરી વગર કરી શકાશે નહીં. સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમારે આપેલા આ ચુકાદામાં વિરાણી હાઈસ્કુલની જમીનનો કોઈપણ ભાગ ભાડે આપી કોઈપણ જાતનો નફો મેળવી શકાશે નહીં તેમ પણ હુકમમાં જણાવેલ છે. આ મિલ્કત સંબંધી અન્ય કોઈ કોર્ટમાં લીટીગેશન ચાલતા હશે તો તે અંગેનો નિર્ણય તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે. આ હુકમ સામે નારાજ પક્ષકાર હુકમ મળ્યા બાદ દિવસ ૬૦માં કલેક્ટર રાજકોટ જીલ્લા કલેક્ટર સમક્ષ રીવીઝન અરજી દાખલ કરી શકશે.

વર્ષ ૧૯૫૧માં રાજકોટ જીલ્લા કલેક્ટર દ્વારા રેવન્યુ સર્વે નં.૪૨૭ની ૪૭૯૨૦ ચો.વાર જમીન વિરાણી હાઈસ્કુલને ફાળવવામાં આવી હતી. જેમાં એવી શરત મુકવામાં આવી હતી કે આ જમીનનો કોઈપણ ભાગ ભાડે આપી શકાશે નહીં કે આ જમીન ભાડે આપી નફો મેળવી શકાશે નહીં.

તેમજ અલ્લાબલ્લામાં વેચાણ કે બીજી રીતે સંસ્થાની જમીન આપી શકાય નહીં તેવા પ્રકારની મર્યાદા સાથે આ જમીન દુર્લભજી શામજીભાઈ વિરાણી ટ્રે. રાજકોટ વાળાના ખેતી સિવાયના હેતુ માટે આ જમીન ફાળવવામાં આવી હતી. આ દરમ્યાન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાગોર માર્ગને પહોળો કરવા માટે કપાત અંગે વિરાણી હાઈસ્કુલના ગ્રાઉન્ડની કપાત થતી જમીન સામે ટ્રસ્ટ દ્વારા રોકડ વળતરની માંગણી કરવામાં આવી હતી.

તે દરમ્યાન કુલ કપાત જમીન ૭૪૩ ચોરસવારમાંથી સરકારી જમીન ૧૧૧.૧૯ ચો.વારની જગ્યા અને ખાનગી ૬૩૨.૬૬ ચો.વાર જગ્યા થતી હતી. બાકીની જમીન સીટી સર્વેના કોઈપણ જાતના હુકમ વગર ફેરફાર કરી નાખવામાં આવેલ હતો. તેની નોંધ નંબર ૫૯.૯૦ તા.૯-૪-૧૪ના રોજ રીવ્યુમાં લઈ રદ કરવા અને મુળ રેકોર્ડ કાર્ડ ૨૬.૫૦ ચાલુ રાખવા માટે સીટી સર્વે સુપ્રિ. દ્વારા વર્ષ ૨૦૨૦ દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે વર્ષ ૨૦૧૯માં શામજી વેલજી વિરાણી ટ્રસ્ટ દ્વારા ૫૦૦૦ ચો.મીટર જગ્યા વેચાણ કરવા માટે ચેરીટી કમિશનરમાં મંજૂરી માગવામાં આવી હતી પરંતુ તેની સામે આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિરોધ કરી કલેક્ટર તંત્ર સમક્ષ ફરિયાદ કરી હતી. જે બાદ આ આખો કેસ હાઈકોર્ટમાં ગયો હતો. જેમાં હાઈકોર્ટે ફેર સુનાવણી કરી યોગ્ય નિર્ણય લેવા માટે કલેક્ટરને ફરમાન કર્યું હતું. આ દરમ્યાન કલેક્ટર તંત્ર દ્વારા એવું જણાવેલ કે કલેક્ટરની લેખીત પરવાનગી વગર આ જમીન અથવા તેનો કોઈપણ ભાગ વિરાણી હાઈસ્કુલના ઉપયોગ સિવાય અન્ય કોઈ ઉપયોગ કરવા સામે મનાઈ ફરમાવવામાં આવી હતી. અને આ જમીનનો ભાગ ભાડે આપી શકાશે નહીં તેમ જણાવાયું હતું. આ હુકમ સામે પક્ષકારો નારાજ ટ્રસ્ટીઓએ હાઈકોર્ટમાં દલીલ કરતા ગુજરાત હાઈકોર્ટે વિરાણી હાઈસ્કુલના ટ્રસ્ટીઓને સહિત બન્ને પક્ષોના પક્ષકારોને ફરી સાંભળવા કલેક્ટર તંત્રને હુકમ કર્યો હતો. આ કેસમાં અંતે સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમાર દ્વારા સંસ્થાની આ જમીન સરકારની મંજૂરી વગર વેચાણ કરવા પર પર રોક લગાવી દીધી છે. તેની સાથોસાથ આ જમીનનો કોઈપણ ભાગ ભાડે આપવા કે તેના પર જમીન ભાડાનો નફો મેળવવા પર પણ પ્રતિબંધ ફરમાવી દીધો છે. આ હુકમથી નારાજ પક્ષકારોએ હવે આ હુકમ સામે દિવસ ૬૦માં કલેક્ટર સમક્ષ રીવીઝન અરજી દાખલ કરી શકશે તેમ પણ સીટી પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમારે તેમના ચુકાદામાં જણાવેલ છે.



# એક કરોડથી વધુનો દારૂ ભરેલો ટ્રક રાજકોટ પહોચે તે પુર્વ મોલડી પાસે પકડાયો

## સુરેન્દ્રનગર એલસીબીની ટીમે મોલડી પાસે અલગ અલગ બે સ્થળે દરોડા પાડી ૧.૨૩ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યોઃ ઝડપાયેલા બંને ટ્રક ચાલકની પુછતાછમાં રાજકોટના બૂટલેગર અને સપ્લાયર સહિત ૭થી વધુ શખ્સના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ-ચોટીલા હાઉવે પર નાની મોલડી ગામે સુરેન્દ્રનગર એલસીબીએ બે દરોડા પાડી રૂ. ૧ કરોડની કિંમતની ૧૮ હજાર બોટલ વિદેશી દારૂ ભરેલા ટ્રક અને ટેન્કર સાથે બે ચાલકોની ધરપકડ કરી છે. જયારે આ મામલે દારૂ સપ્લાયર તેમજ રાજકોટમાં દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગર સહિત છ શખ્સોના નામ ખોલ્યા છે. આ મામલે સુરેન્દ્રનગર એલસીબીએ બંને દરોડામા ૧.૨૩ કરોડ રૂપીયાનો મુદામાલ કબજે કર્યો છે આ દારૂનો જથ્થો રાજકોટના બુટલેગરે મંગાવ્યો હોવાનું ખુલ્યુ છે. મળતી વિગતો મુજબ રાજકોટના બુટલેગરે વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવ્યો હોય જેનુ કટીંગ થાય તે પુર્વે સુરેન્દ્રનગર એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. પોલીસ ટીમે બે અલગ અલગ દરોડામા ૧ કરોડનો દારૂ ઝડપી પાડયો હતો જેમા રાજકોટ ચોટીલા હાઈવે પર નાની મોલડી પાસે પ્રથમ દરોડામાં જીજે ૧૨ બીવાય ૮૦૨૯ નંબરનાં ટેન્કરમાથી રૂ. ૬૬.૧૦ લાખના વિદેશી દારૂની ૧૧૫૪૪ બોટલ સહીત રૂ. ૭૬.૧૨ લાખના મુદામાલ સાથે ચાલક મુળ રાજસ્થાનના કમલેશકુમાર સદારામ બિશ્નોઈને ઝડપી લીધો હતો જેની પુછપરછમાં આ દારૂનો જથ્થો ગોવાથી ભરવામા આવ્યો હોય અને તે રાજકોટ સપ્લાય કરવાનો હતો ટેન્કરના માલીક સુખદેવરામ ભીયારામ બિશ્નોઈ સામે પણ પોલીસે ગુનો નોંધ્યો છે આમ આ દારૂમા રાજકોટના બુટલેગર સહીત ૩ ના નામ બહાર આવ્યા છે. બીજા દરોડામા નાની મોલડી પાસેથી ટ્રક નં જીજે ૧૨ બીટી ૭૦૮૯ ને અટકાવી તલાસી લેતા તેમાથી રૂ. ૩૭.૫૦ લાખની કિંમતનો ૬૫૬૩ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો આ દારૂ પણ રાજકોટ બુટલેગરે મંગાવ્યો હોવાનુ પકડાયેલા ચાલક લક્ષ્મણભારથી આનંદભારથી ગૌસ્વામીએ જણાવ્યુ હતું. એલસીબીએ દારૂ સહીત રૂ. ૪૭.૬૦ લાખનો મુદામાલ કબજે કરી રાજકોટ બુટલેગર તેમજ દારૂનો ટ્રક લઈને ડીલેવરી આપનાર કિષ્નારામ મારવાડી અને ટ્રકના માલીક ભજનલાલ પ્રેમારામ બિશ્નોઈનુ નામ પણ ખોલ્યું છે. રાજકોટ અમદાવાદ હાઈવે પરથી ચોટીલા પાસે એલસીબીની ટીમે રૂ. ૧ કરોડનો દારૂ ઝડપી લેતા આ મામલે પોલીસે કાર્યવાહી કરી બંને દરોડામા રૂ. ૧.૨૩ કરોડનો મુદામાલ કબજે કર્યો હતો. સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ વડા ડો. ગિરીશ પંડયાની સુચનાથી એલસીબીના પીઆઈ જે. જે. જાડેજા તથા પીએસઆઈ જે. વાય. પઠાણ, પેરોલ ફર્લો સ્કવોર્ડને પીએસઆઈ આર. એચ. ઝાલા સાથે ટીમના વજાભાઈ, પ્રવીણભાઈ, મેહુલભાઈ, ભુપતસિંહ, વિક્રમભાઈ સહિતના સ્ટાફે કામગીરી કરી હતી.



# રેલનગરમાં લોન કન્સલ્ટન્ટ યુવાનને ઉછીના આપેલા ૭.૯૨ લાખ કઢાવી દેવાનું કહી બેલડીએ ૫ લાખ પડાવ્યા

## પૈસા પરત માંગતા જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલનગર વિસ્તારમાં રહેતા લોન કન્સલટન્ટ યુવાને બે શખ્સોને રૂ.૭.૯૨ લાખ ઉછીના આપ્યા હોય જે પરત ન આપતા આરોપીનો સંપર્ક થતા આરોપીઓએ આ નાણા કઢાવી દેવાનું કહી રૂા.૫ લાખ પડાવી લઈ અપહરણ અને જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ એટ્રોસીટી, ધમકી સહીતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, રેલનગર પાસે અવધ પાર્કમાં રહેતા મયુર રાજેશભાઈ ગોહેલ(ઉ.વ ૨૯) નામના યુવાને ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હિરેન ભીખુભાઈ ચૌહાણ (રહે.ગૌતમનગર-૩ ગાંધીગ્રામ) અને નિલેશ ઉર્ફે ગોપાલ અશોકભાઈ ચૌહાણ (રહે. જયોતિપાર્ક, પરસાણાનગર) ના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તે લોન કન્સલટન્સીનું કામ કરે છે.તેણે નૈમિષ અને અંકિત નામના બે શખસોને રૂ.૭.૯૨ લાખ ઉછીના આપ્યા હતાં. જે રકમ આ બંને શખસો પરત આપતા ન હોય કોર્ટમાં દાવો કર્યો હતો.બાદમાં આ બંને શખસોના માણસો તેને ધમકાવતા હતાં.

દરમિયાન યુવાનનો પરીચય ગોપાલ સાથે થયો હતો અને તેણે વાત કરી હતી કે, ન્યુઝ પોર્ટલ ચલાવનાર હિરેન આ મેટર પતાવી દેશે અને રૂ. ૫૦ હજાર આપવાની વાત કર હતી.જેથી યુવાને રૂ. ૫૦ હજાર આપ્યા હતાં.બાદમાં યુવાન પાસે પૈસાની વ્યવસ્થા ના થતા આ બંને શખસોએ હજુ રૂ. ૪.૫૦ લાખ નહીં આપે તો તારૂ અપહરણ-મર્ડર કરાવી નાખીશ તેવી ધમકી આપી યુવાન પાસેથી રૂ.૪.૫૦ પડાવી લીધા હતાં. બાદમાં ફરિયાદી આરોપી પાસે રૂપિયા પરત માંગતા આરોપીઓએ તારાથી કંઈ નહીં થાય તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહ્યા હતાં.જેથી યુવાને આ ફરિયાદ નોંધવતા પોલીસે આરોપીઓ સામે એટ્રોસિટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




# બેડી ચોકડી પાસે યુવાન પર શખ્સનો છરી વડે હુમલો

■ ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે ખસેડાતા ગાંધીગ્રામ અને પ્ર નગર પોલીસ વચ્ચે એન્ટ્રીની એકબીજા ઉપર ખો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મોરબી રોડ ઉપર બેડી ચોકડી નજીક યુવાન ઉપર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડાતા એમએલસી નોંધની તપાસ માટે ગાંધીગ્રામ પોલીસ અને પ્રનગર પોલીસે એક બીજા ઉપર ફેંકા ફેકી કર્યાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ ચુનારાવાડ વિસ્તારમાં રહેતા અજયકુમાર સંજયભાઈ સોલંકી નામનો ૨૦ વર્ષનો યુવાન વહેલી સવારના પાંચેક વાગ્યાના અરસામાં માધાપર ચોકડી પાસેનો ઓવર બ્રિજ ઉતરતો હતો ત્યારે બેડી ચોકડી તરફ આવેલી રવેચી હોટલ પાસે રહીશ ખાટકી સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કરી બેઠક અને સાથળના ભાગે છરીના ઝીંકી દીધા હતા. હુમલામાં ઘવાયેલા



અજયકુમાર સોલંકી તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના ચોપડે એમએલસી નોંધાઈ હતી જે અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફેદ ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસે તે ઘટના પ્ર.નગર પોલીસ મથક વિસ્તારમાં આવતી હોવાનું કહેતા સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્રનગર પોલીસમાં નોંધ કરાવી હતી પ્રનગર પોલીસે પોતાના વિસ્તારમાં ઘટના ઘટી નહીં હોવાનું જણાવતા ફરી સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસ મથકમાં એન્ટ્રી પડાવી હતી વહેલી સવારે યુવક ઉપર થયેલા હુમલાની ઘટનાની તપાસ મુદ્દે ગાંધીગ્રામ પોલીસ અને પ્રનગર પોલીસે એકબીજાને ખો આપી હોય તેમ એન્ટ્રીની એકબીજા ઉપર ફેકા ફેકી કરી હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

# બેટી રામપરામાં યુવાને જીવતા ઈલે. વીજ તાર પકડી ટીંગાઈ ગયોઃ શોક લાગતા કમકમાટીભર્યું મોત

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલ બેટી રામપરા ગામે માનસીક બીમારીથી કંટાળી ૪૦ વર્ષીય યુવાને જીવતા ઈલે. વીજતાર પકડી લેતા વીજ શોકથી કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. બનાવ અંગેની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર બેટી રામપરા ગામે રહેતા રમેશભાઈ કેશુભાઈ પચાયા (ઉ.૪૦) ગઈકાલે સવારે પોતાના ઘરેથી કહ્યા વગર નીકળ્યા હતા બાદમાં તેઓ કૈલાશ ભરડી પાનના ગલ્લા પાસે આવેલ ઈલે. વીજ પોલ પર ચડયા હતા અને જીવતા વીજ તારને પકડી લટકી ગયા હતા. જેથી તેમને જોરદાર વીજ કરંટ લાગતા લટકતી હાલતમાં જ તેમનું કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. બનાવથી લોકોના ટોળેટોળા એકઠા થયા હતા બનાવ અંગે એરપોર્ટ પોલીસને જાણ કરતા પીએસઆઈ એસ.એસ. જાડેજા સહિતનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે હોસ્પીટલે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક યુવક બે ભાઈમાં મોટો હતો અને લાંબા સમયથી માનસીક બીમારીથી પીડીત હોય જેથી પગલુ ભર્યાનું પ્રાથમીક તારણ સામે આવ્યું હતું. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

# સાયબર ફ્રોડનો ભોગ બનેલા મેડીકલ છાત્ર અને યુવાનને રૂપીયા પરત અપાવતી પોલીસ

## તબીબી છાત્ર સાથે સ્ટડી એપ સબસ્ક્રીપ્શન કરવાના નામે ૧૦,૩૦ લાખની ઓનલાઈન ઠગાઈ થઈ હતી

શહેરમાં મેડીકલ સ્ટુડન્ટ સાથે સ્ટડી એપ સબસ્ક્રીપ્શન કરવાના નામે રૂા.૧૦.૩૦ લાખનું ફ્રોડ તેમજ યુવક સાથે બેંક ટ્રાન્જેકસન મામલે થયેલ રૂા.૩.૧૧ લાખનું ફ્રોડ થવાના બનાવમાં સાયબર પોલીસે કુલ રૂમ.૧૨.૧૧ લાખ પરત કરાવ્યાં હતાં. શહેર પોલીસ કમિશ્નર બ્રીજેશકુમાર ઝા, એડી સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ડો.પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા શહેર વિસ્તારમાં રહેતા નાગરીકો સાથે છેતરપીંડી કરી નાણા પડાવતા શખ્સો વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા તથા ફ્રોડમાં ગયેલ સંપુર્ણ રકમ પરત અપાવવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ એસીપી ભરત બસીયા અને પીઆઈના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસની નાણાકીય ફ્રોડ ડિટેક્શન ટીમના પીએસઆઈ કે.પી.જાદવ, હેડ કોન્સ્ટેબલ લકીરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ પ્રદિપ ગુઢડા દ્વારા અરજદાર સાહિલ ચેતનભાઈ ભીમાણી સાથે બનાવટી ઓનલાઈન મેડીકલ સ્ટડી એપ્લીકિશનમાં સાયબર માફિયાઓએ યુવક મેડીકલના સ્ટુડન્ટ હોઈ જેથી ઓનલાઈન મેડીકલ સ્ટડી એપ્લીકેશનનું ફ્રી માં સબસ્ક્રીપ્શન આપવાની લાલચ આપી ફેક મેડિકલ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી યુવાન સાથે રૂા.૧૦,૩૦,૭૫૦ નું ઓનલાઈન ફ્રોડ થયાની આવેલ અરજીના આધારે તપાસ હાથ ધરી હતી. સાયબર ક્રાઈમની ટીમે ટેકનીકલ એનાલીસીસના અંતે અરજદારના ફ્રોડમાં ગયેલ રકમમાંથી રૂા.૯ લાખ પરત કરાવ્યાં હતાં. જ્યારે અરજદાર અરજદાર દિવ્યરાજસિંહ સંજયભાઈ સોલંકી સાથે તેમના એક મિત્ર પાસેથી પૈસા લેવાના હોય અને તેઓનું સેવિંગ એકાઉન્ટ બંધ હોય જેથી અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ જે પરત નહીં આપી રૂ. ૩૧૧૩૪૬ નો ફ્રોડ કરેલ હોય જેથી અરજદારે તુરત જ ઓનલાઈન ફરીયાદ નોંધાવતા સાયબર ટીમે ટેકનિકલ એનાલીસીસ કરી અરજદારને તેની ફ્રોડમાં ગયેલ રકમ રૂા.૩,૧૧,૩૪૬ પુરેપુરી પરત અપાવેલ હતી.

# ધો.૧૨ની છાત્રાને વિધર્મી શખ્સે પ્રેમજાળમાં ફસાવી વિવિધ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચર્યુ

■ પોલીસે શખ્સ સામે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી સકંજામાં લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર પોલીસ ચોપડે વધુ એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે કાલાવડ રોડ વિસ્તારમાં રહેતી અને ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાને વિધર્મી શખસે પ્રેમજાળમાં ફસાવી અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતું અને છાત્રા વિધર્મી શખસ સાથે ફોનમાં ચેટ કરતી હોવાથી પરિવારજનોને શંકા જતા છાત્રાનો ફોન તપાસતા ફાંડો ફુટયો હતો અને મામલો પોલીસમાં પહોંચ્યો હતો. ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાને કાલાવડ રોડ પ્રેમમંદીર પાછળ આવેલા ક્વાર્ટરમાં રહેતો અને સ્કુલવાન ચલાવતો સેફ ઈલીયાઝ નામના વિધર્મી શખસની વાનમાં સ્કુલે જતી હોવાથી શખસને છાત્રા સાથે મિત્રતા થઈ હતી બાદમાં બન્ને ઈન્સ્ટાગ્રામમાં ચેટ કરતા હતા બાદ બન્ને વચ્ચે ગાઢ સંબંધ થતા વિધર્મી શખસે તેને લાભ લઈ છાત્રાને વિવિધ સ્થળોએ લઈ જઈ દુષ્કર્મ આચર્યુ હતું. છાત્રા તેના ફોનમાં શખસ સાથે ચેટ કરતી હતી ત્યારે પરિવારને શંકા ઉપજતા છાત્રાનો ફોન લઈ તપાસતા સમગ્ર ઘટનાનો ભાંડો ફુટયો હતો અને આ અંગે છાત્રાને પરિવારજનોએ પુછતા તેણી સત્ય હક્કીત પરિવારજનોને વર્ણાવી હતી.અને પરિવારજનો ભોગ બનનાર પુત્રીને લઈને યુનિ.પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. અને બનાવ અંગેની પોલીસને વાતચીત કરતા પોલીસ દ્વારા માત્ર છેડતીની ફરિયાદ લેશું તેમ વાત કરતા પરિવારજનોએ ઈન્કાર કર્યો હતો અને ઉચ્ચ અધિકારી પાસે જવાની ચીમકી આપતા પીઆઈ એચ.એન. પટેલ સહિતનો સ્ટાફ સફાળો જાગ્યો અને ભોગ બનનાર છાત્રાના પરિવારજનોની ફરિયાદ પરથી પોલીસે વિધર્મી શખસ સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શખસને તાકિદે ઝડપી લીધો હતો

# વાવડી ગામે કારખાનામાં આગમાં દાઝેલા યુવાનનું મોતઃ હજુ બે સારવારમાં

■ નવ દિવસ પૂર્વે લાગેલી આગમાં મશીન પર કામ કરતા ત્રણ શ્રમિક દાઝ્યા હતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ગત વર્ષે મે મહિનામાં ટીઆરપી અગ્નિકાંડમાં ૨૭ નિર્દોષોના ભોગ લેવાયા બાદ શહેરમાં આગની ઘટનાઓને રોકવા માટે મહાપાલિકા તંત્ર દ્વારા ઔદ્યોગિક અને બહુમાળી ઈમારતમાં ફરજીયાત ફાયર સાધનો અને એનઓસી કરવામાં આવ્યા બાદ પણ આગના છમકલાઓ અવિરતપણે ચાલુ રહ્યા છે. તાજેતરમાં જ મેટોડામાં નમકીનના કારખામાં આગ ભભૂક્યાની સાહી સુકાઈ નથી ત્યાં આજે વાવડીમાં નવ દિવસ પૂર્વે એક કારખાનામાં દાવાનળ ફાટી નીકળતા ત્રણ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમાં ગંભીર રીતે દાઝી ગયેલા એક શ્રમિકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ વાવડી ઈન્ડસ્ટ્રીયલ સત્યનારાયણ વે બ્રિજ પાછળ આવેલા ઝા એન્ટરપ્રાઈઝ સ્કેપના કારખાનામાં સમી સાંજે પ્રેસ મશીનરીમાં આગ ભભુક્તા નાસભાગ મચી જવા પામી હતી. બનાવ અંગેની કારખાનાના માલિક ચંદુભાઈ બિજયભાઈ ઝાએ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ફાયટરો દોડી જઈ સતત અડધો કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. અને આગમાં કારખાનામાં કામ કરતા ઉદયરાજ પ્યારેભાઈ યાદવ (ઉ.વ.૪૫)અને મંગરે ભગવાનદાસ યાદવ (ઉ.વ.૩૦) સહિત ત્રણ શ્રમિકોને ગંભીર ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે અન્ય એક શ્રમિકને ખાનગી હોસ્પિલમાં ખસેડયો હોવાનું જાણવા મળ્યું છે. ગંભીર રીતે ઘવાયેલા બંને શ્રમિકની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ગંભીર રીતે દાઝી ગયેલા ઉદયરાજ પ્યારેભાઈ યાદવનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાનને સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે. મૃતક ઉદયરાજ યાદવ દિવાળી પૂર્વે જ મજૂરી કામ માટે આવ્યો હતો. મશીન પર કામ કરતો હતો ત્યારે ભભૂકેલી ઉઠેલી આગમાં ગંભીર રીતે દાઝી જવાથી મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# મનહરપુરમાં પત્ની રિસામણે ચાલી જતાં પતિનો ફાંસો ખાઈ આપઘાત

## ત્રણ વર્ષના લગ્ન જીવનમાં દંપતી વચ્ચે પડેલી તકરારમાં યુવાને જીવ ગુમાવ્યો; પરિવારમાં ગમગીની

શહેરના જામનગર રોડ પર મનહરપુરમા પત્ની રિસામણે ચાલી જતા પતિએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે ભાઈ ઉઠાડવા ગયો ત્યારે યુવાન લટકતો મળી આવ્યો હતો. આ બનાવથી પરિવારમા શોકની લાગણી છવાઈ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ માધાપર ચોકડી પાસે મનહરપુર ૧ ગામે રહેતા સાગર ગોરધનભાઈ જાખેલીયા (ઉ.વ.૨૪) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે તેનો ભાઈ રૂમમા જતા સાગર લટકતો મળી આવ્યો હતો. ૧૦૮ ના ઈએમટીએ મૃત જાહેર કરી પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમા મૃતક સાગર બે ભાઈ અને એક બહેનમા નાનો હતો તેના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતા અને સંતાનમાં એક પુત્રી છે. પત્ની રિસામણે ચાલી જતા લાગી આવવાથી આ પગલુ ભરી લીધાનુ જાણવા મળ્યુ છે આ બનાવથી પરિવારજનોમા શોકની લાગણી છવાઈ જવા પામી છે.